RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue: 3, Year: 68, June, 2021, Pages: 52, Price Rs. 7.00



# સશક્ત, સમૃધ્ધ ઝાલાવાડી સ્થા. જૈન સભાની વિકાસગાથા

## પ્રમુખ

| | | |
|---|---|---|
| ૧ | શ્રી વૃજલાલ ખીમચંદ શાહ | ૧૯૩૬ થી ૧૯૪૯ |
| ૨ | શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ | ૧૯૪૯ થી ૧૯૮૨ |
| ૩ | શ્રી કેશવલાલ મગનલાલ શાહ | ૧૯૮૨ થી ૧૯૯૦ |
| ૪ | શ્રી સી. યુ. શાહ | ૧૯૯૦ થી ૨૦૧૩ |
| ૫ | શ્રી ગુણવંતરાય દીપચંદ શાહ | ૨૦૧૩ થી ... |



લોનાવલા



પંચગીની

## ઉપ પ્રમુખ

| | | |
|---|---|---|
| ૧ | શ્રી દીપચંદ ગોપાલજી દોઢીવાળા | ૧૯૩૬ થી ૧૯૪૯ |
| ૨ | શ્રી ટી. જી. શાહ | ૧૯૪૯ થી ૧૯૫૨ |
| ૩ | શ્રી ગોકળદાસ શીવલાલ અજમેરા | ૧૯૫૨ થી ૧૯૬૪ |
| ૪ | શ્રી રમણીકલાલ કસ્તુરચંદ કોઠારી | ૧૯૬૪ થી ૧૯૬૭<br>૧૯૬૯ થી ૧૯૮૩ |
| ૫ | શ્રી ભોગીલાલ રાયચંદ તુરખીયા | ૧૯૬૭ થી ૧૯૬૯ |
| ૬ | શ્રી સી. યુ. શાહ | ૧૯૮૩ થી ૧૯૯૦ |
| ૭ | શ્રી કાંતિલાલ લક્ષ્મીચંદ વોરા | ૧૯૯૦ થી ૧૯૯૯ |
| ૮ | શ્રી ગુણવંતરાય દીપચંદ શાહ | ૧૯૯૯ થી ૨૦૧૪ |
| ૯ | શ્રી પ્રવીણચંદ્ર ગંભીરચંદ શાહ | ૨૦૧૪ થી ... |

ઝાલાવાડ





દેવલાલી



માથેરાન

## માસિક પ્રત્રિકાના તંત્રીઓ

| | | |
|---|---|---|
| ૧ | શ્રી ખીમચંદ મગનલાલ વોરા | ૧૯૫૫ થી ૧૯૭૬ |
| ૨ | શ્રી કેશવલાલ મગનલાલ શાહ | ૧૯૫૫ થી ૧૯૮૦ |
| ૩ | શ્રી રમણલાલ વીરચંદ શેઠ | ૧૯૭૬ થી ૧૯૯૯ |
| ૪ | શ્રી કાંતિલાલ હરિલાલ વકીલ | ૧૯૭૭ થી ૧૯૯૯ |
| ૫ | સુશ્રી સંધ્યાબેન બિપિનભાઈ શાહ | ૧૯૯૭ થી..... |



સુરેન્દ્રનગર



ગર્લ્સ હોસ્ટેલ, નાલાસોપારા




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

જૂન ૨૦૨૧
વર્ષ : ૬૮ : : અંક: ૩
: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ
માલિક:
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ

: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com

મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન : ૪૦૦૩૨૪૯૬
: ફક્ત પત્રિકાનું લવાજમ :
એક વર્ષના રૂપિયા ૪૦૦/– + 5%
ત્રણ વર્ષના રૂપિયા ૧૦૦૦/– + 5%
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*



સાવ અચાનક મુશળધારે
ધોધમાર ને નવલખ ધારે
આ વાદળ વરસે છે કે તું?
ધરાની તરસે વાદળ વરસે
તારી તરસે હું
મને તું વાદળ કહે તો શું?

ગેબને દ્વારે,આભ ઓવારે
શ્યામલ શ્યામલ મેઘ ઘેરાયા
કુન્તલ કંઠે આવકારના
પ્રીત ગીત નભમાં લહેરાયાં
ઉત્કટ મિલનની પ્યાસ લઈને
આલિંગન અણમોલ દઈને
આ મનભર મેઘ મળે, કે તું?–

દાવા છોડી, લ્હાવા લઈએ
ભીંજી ને ભીંજાવા દઈએ
આજ કશું ના કોઈને કહીએ
મોસમ છે તો વરસી રહીએ
તરસ તણાં ચલ, ગીત ભૂલીને
વરસ હવે તું, સાવ ખૂલીને
હવે કોઈ પાગલ કહે તો શું !–

– તુષાર શુકલ

# શું તમારી ઢીંગલી પણ ખોવાઈ ગઈ છે ?

વિશ્વ-સાહિત્યના ફલક પર પોતાની નોંધપાત્ર છાપ અને અસર છોડી જનારા એક સદાબહાર લેખક એટલે ફ્રાન્ઝ કાફકા. ચેક રિપબ્લિકના પ્રાગમાં જન્મેલા ફ્રાન્ઝ કાફકા, નવલકથાકાર અને ટૂંકી વાર્તાઓના લેખક હતા. આ કિસ્સો એ સમયનો છે જ્યારે કાફકાની ઉંમર લગભગ ૩૯ વર્ષ હતી.

જે પાર્કમાં રોજ સવારે કાફકા નિયમિત ચાલવા જતા, એ પાર્કમાં એક દિવસ તેમણે એક બાળકીને જોઈ. એક બાંકડા પર બેસીને એ બાળકી ધ્રૂસકે ધ્રૂસકે રડી રહી હતી. એની પાસે જઈને કાફકાએ તેને પૂછ્યું, 'તું કેમ રડે છે ?'. એ બાળકીએ જવાબ આપ્યો, 'મારી ઢીંગલી ખોવાઈ ગઈ છે. એ મારી સૌથી પ્રિય ઢીંગલી હતી.'

કાફકાએ તેને છાની રાખી, તેની ઢીંગલી શોધી આપવાનું વચન આપ્યું અને બીજા દિવસે એ જ સ્થળ પર મળવાનું નક્કી કર્યું. ઘણું શોધ્યા પછી પણ એ ગુમ થયેલી ઢીંગલી ક્યાંય ન જડતા, પેલી બાળકીને રાજી કરવા માટે કાફકાએ એક યુક્તિ વિચારી. ગુમ થયેલી ઢીંગલી વતી કાફકાએ પેલી બાળકીને એક પત્ર લખ્યો અને બીજા દિવસે એ પત્ર તેને પાર્કમાં વાચી સંભળાવ્યો. 'મારી ગેરહાજરીમાં દુઃખી ન થતી. હું વિશ્વ-પ્રવાસે નીકળી છું. હું પણ તને મિસ કરું છું. પ્રવાસ દરમિયાનના મારા અનુભવો હું તને કાગળ લખીને જણાવતી રહીશ. તારું ધ્યાન રાખજે.' પોતાની પ્રિય ઢીંગલી તરફથી મળેલો આ પત્ર સાંભળીને બાળકી ખુશ થઈ ગઈ.

આ પછી પેલી ગુમ થયેલી ઢીંગલીના નામથી કાફકાએ પેલી બાળકીને અનેક પત્રો લખ્યા. કાફકા જ્યારે પણ પાર્કમાં પેલી બાળકીને મળતા, ત્યારે ઢીંગલીએ લખેલો એક પત્ર વાચી સંભળાવતા. ઢીંગલીના સમાચાર જાણીને બાળકી રાજી થઈ જતી અને હસતા મોઢે ઘરે ચાલી જતી. પોતાની નાદુરસ્ત તબિયતને કારણે કાફકાને જ્યારે એવું લાગ્યું કે આ મુલાકાતનો હવે અંત આવશે, ત્યારે પેલી બાળકી માટે તેમણે બજારમાંથી એક



નવી ઢીંગલી ખરીદી. વિશ્વ-પ્રવાસે ગયેલી ઢીંગલી પાછી આવી ગઈ છે, એવું જણાવીને કાફકાએ આ નવી ઢીંગલી બાળકીને આપી દીધી.

સ્વાભાવિક રીતે, આ ઢીંગલી થોડી અલગ દેખાતી હતી.

ઢીંગલી જોઈને તરત પેલી બાળકીએ કહ્યું, 'આ મારી ઢીંગલી નથી.' આનો ઉપાય પણ કાફકાએ વિચારી રાખેલો. એ નવી ઢીંગલીના હાથમાં એક ચિઠ્ઠી રહેલી હતી જેમાં લખેલું હતું કે 'દુનિયાભરની રખડપટ્ટીને કારણે, મારો દેખાવ બદલાઈ ગયો છે. પ્લીઝ, મારા પ્રેમનો સ્વીકાર કરી લેજે.' ઢીંગલી ડુપ્લીકેટ હોવાની શંકા સાથે કચવાતા મને પેલી બાળકીએ ઢીંગલી સ્વીકારી લીધી અને તેને ઘરે લઈ ગઈ. થોડા દિવસો તેની સાથે રહ્યા પછી તે બાળકીના મનમાંથી ઢીંગલી વિશેની શંકા દૂર થતી ગઈ અને પ્રેમ વધવા લાગ્યો. તે હવે આ નવી ઢીંગલીના ગળાડૂબ પ્રેમમાં પડી ગઈ.

આ બનાવના એક વર્ષ પછી ફ્રાન્ઝ કાફકાનું ટ્યુબરક્યુલોસીસથી મૃત્યુ થયું. એમના મૃત્યુના અનેક વર્ષો પછી પેલી બાળકી જ્યારે યુવાન બની ગયેલી, ત્યારે એક દિવસ અચાનક તેને પેલી ઢીંગલીમાં સંતાડી રાખેલી એક ચબરખી મળી. એ ચબરખીમાં લખેલું હતું, 'તું જેને જેને પ્રેમ કરે છે, એ દરેકને તારે ક્યારેક તો ગુમાવવા જ પડશે. પણ ગુમાવી દીધેલો પ્રેમ, કોઈ અન્ય સ્વરૂપમાં તારી પાસે જરૂર પાછો ફરશે એ યાદ રાખજે.'

આ સત્ય-ઘટના છે કે કાફકાના નામે કોઈ લેખકે લખેલી કાલ્પનિક વાર્તા એ નથી ખબર, પણ એ જાણું છું કે આ 'હિલીંગ સ્ટોરી' છે. એક એવી વાર્તા, જે નિરાંત અને રાહત આપે છે. આપણા અંતઃકરણને પ્રેમથી પંપાળીને, એના જખ્મો પર રુઝ લાવે છે.

કોવીડ કે અન્ય કોઈ ગંભીર બીમારીના પ્રકોપથી જે લોકોએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે, એ લોકો આ વાંચતી વખતે ધ્રૂસકે ધ્રૂસકે રડી પડશે, એ હું જાણું છું. સ્વર્ગસ્થ થયેલા પ્રિયજનો જ શું કામ ? આ વાર્તા એમને પણ એટલી જ લાગુ પડે છે જેઓ બ્રેક-અપ, ડિવોર્સ કે સેપરેશનમાંથી રીકવર થઈ રહ્યા છે. એક ગમતી વ્યક્તિની ઓચિંતી વિદાય, એ અંતઃકરણ પર થયેલો આતંકી હુમલો છે.

પ્રિયજનોથી અળગા થયાનું દુઃખ અને આપણા જીવનમાં તેમનો અભાવ કાયમી રહેશે. કેટલીક ખોટ તળિયા વગરના પ્યાલા જેવી હોય છે, એ ક્યારેય ભરી ન શકાય. પણ કાફકાની આ વાત એક નવો જ દ્રષ્ટિકોણ લઈને આવે છે. પ્રિયજનો પાછા નથી આવતા પણ આપણા માટેનો એમનો પ્રેમ જરૂર પાછો આવે છે. કોઈ સાવ અલગ સમયે, કોઈ સાવ અલગ સ્વરૂપમાં. તકલીફ એ છે કે પ્રિયજનની ખોટના વિરહ અને શોકમાં ગળાડૂબ થઈ ગયેલા આપણે, જીવનમાં આવનારી નવી ઢીંગલીને ઓળખી નથી શકતા.

એ સમજતા આપણને સમય લાગે છે કે અલગ અલગ વ્યક્તિઓનો પહેરવેશ બદલીને, એક જ પ્રેમ અલગ અલગ સ્વરૂપમાં આપણને મળવા આવે છે. આપણે સ્વરૂપમાં અટકેલા રહીએ છીએ, એટલે પ્રેમ નામના તત્વને ગુમાવી દઈએ છીએ.

એ સ્વજનની હોય કે સંબંધની, મિત્રની હોય કે મૈત્રીની, પણ હકીકત એ છે કે ખોટ અનિવાર્ય છે. આ પૃથ્વી પર કોઈ કાયમી નથી.

આપણે જેને જેને પ્રેમ કરીએ છીએ, એ દરેકને આપણે ક્યારેક તો ગુમાવશું જ. પણ જ્યાં સુધી આપણે જીવિત છીએ, ત્યાં સુધી એ વ્યક્તિના રૂપમાં ગુમાવી દીધેલો પ્રેમ રિસાઈકલ થઈને બહુ જલદી આપણા સુધી પાછો આવશે એ વાત તો નક્કી.

બસ, ત્યારે શંકા કર્યા વગર એ પ્રેમને ઓળખી લેવો.

**નિમિત્ત ઓઝા**

## ઝાલાવાડી સભાને આંગણે અપૂર્વ અવસર

# મુમુક્ષુ શ્રી જીતેન્દ્રભાઈ તથા પ્રીતિબહેન પરમાત્માના પંથે...

ઝાલાવાડી સભાના ૧૧૫ વર્ષના ઈતિહાસમાં સંસ્થાને અનેક વિદ્વાન, પ્રતિભાસંપન્ન, મુત્સદ્દી અને કુશળ શ્રેષ્ઠીઓનો લાભ મળ્યો છે. પહેલીવાર એવો સુયોગ રચાયો કે સભાના કમિટી મેમ્બર, નોટબુક યોજનાના કન્વીનર, ૧૨ વર્ષથી અમારા સહુની સાથે કાર્યરત એવા શ્રી જીતેન્દ્રભાઈ શાંતિલાલ શાહ.

(જોરાવરનગર નિવાસી, હાલ મીરા રોડ) તથા તેમના ધર્મપત્ની પ્રીતિબેન જીતેન્દ્રભાઈ શાહે સજોડે સંયમ અંગીકાર કરવાનો નિર્ણય કર્યો.

અમારા સહુને માટે આ એક અહોભાવયુક્ત આશ્ચર્ય હતું. આપણે આપણો પારાવાર પરિગ્રહ, સાંસારિક જવાબદારીઓ, મમત્વ અરે, નાની સરખી મમત પણ છોડી નથી શકતા જ્યારે આ દંપતીએ પોતાનું પદ, પ્રતિષ્ઠા, પૈસા, પરિવાર પોતાના વ્હાલસોયા તેજસ્વી સંતાનો અને સંસારના સર્વ સુખો ત્યજીને વિતરાગના માર્ગે દ્રઢતાથી કદમ માંડ્યા. તેમની અંતરથી અનુમોદના કરવા, તેમનું બહુમાન કરવા ઝાલાવાડી સભાએ કોવિડ કાળમાં zoom મિટિંગનું આયોજન કર્યુ. અપાર ઉલ્લાસથી એમના આ સ્તુત્ય નિર્ણયની સહુએ ભૂરિ ભૂરિ અનુમોદના કરી. સંયમપંથમાં તેઓ ઝળહળી ઊઠે ને જિનશાસનને જયવંતુ કરે તેવી શુભેચ્છાઓ ટ્રસ્ટીશ્રી, મંત્રીશ્રી તથા સહુ કમિટીના સભ્યોએ આપી. તેમના અંતરના ઓરડે પ્રગટેલી વિરાગની જ્યોતિ સદાય પ્રજ્વલિત રહે તેવી ભાવના ભાવી..

ભવાટવિના અનંત ભ્રમણનો અંત કરાવતી યાત્રા એટલે દીક્ષા.

મુમુક્ષુ શ્રી જીતેન્દ્રભાઈ તથા પ્રીતિબેન



જીતેન્દ્રભાઈ શાહે મુંબઈ સ્થાનકવાસી જૈન સંપ્રદાયના શાસનસંરક્ષક પ.પૂ. ગુરુદેવશ્રી ભાવેશમુનિ મ.સા. આદિ ઠાણા-૬ તેમ જ પ.પૂ. સમતાશ્રીજી મ. આદિ ઠાણા ૪ ના સાંનિધ્યમાં અંધેરી ઝાલાવાડ નગર સંઘના ઉપાશ્રયમાં તા. ૧૭-૫-૨૦૨૧ વૈશાખ સુદ છઠ્ઠ ને સોમવારના મંગલ મુહૂર્તે સંપૂર્ણ સાદગીપૂર્વક દીક્ષા ગ્રહણ કરી. આ અવસરે ખૂબ જ મર્યાદિત સંખ્યામાં ઉપસ્થિત પરિવારજનો, મુંબઈ સ્થા. જૈન સંપ્રદાયના પ્રમુખશ્રી મયંકભાઈ શાહ તેમ જ સ્થાપક ટ્રસ્ટીઓની હાજરીમાં પૂ. ગુરુદેવે આ દંપતીને દીક્ષિત કર્યા હતા. પ્રમુખશ્રી મયંકભાઈએ સંપ્રદાય અને અંધેરી સંઘવતી અનુમોદના, આશીર્વાદ અને શુભેચ્છા પાઠવી હતી. વડીદીક્ષા તા. ૨૩-૫-૨૧ ના રોજ અંધેરી ઉપાશ્રયમાં જ સંપન્ન કરવામાં આવી હતી. પૂ. ગુરુદેવશ્રી ભાવેશમુનિ મ.સાહેબે સંસારમાંથી સંયમી બનેલા શ્રી જીતેન્દ્રભાઈને જિનેન્દ્રમુનિ તથા પ્રીતિબેનને પ્રતિજ્ઞાશ્રીજી મ. તરીકે ઘોષિત કર્યા. ગુરુચરણ, ગુરુશરણ સ્વીકારી આત્મકલ્યાણના માર્ગે, સાધનામય જીવનની મસ્તી માણતા સ્વને પામો એવી જ અભ્યર્થના.



## રજોહરણ

જૈન સાધુઓના રોજિંદા પહેરવેશમાં રજોહરણ, જે કોઈકવાર ઓઘો તરીકે પણ ઓળખાય તે મુખ્ય હોય છે જે હાથે બનાવેલ પીંછી જેવું અને જીવ જંતુઓને હળવેથી હટાવવાને માટે હોય છે જેથી કોઈ એના પર ભૂલે ચૂકે પણ પગ મૂકી ના શકે. રજોહરણનો લાકડાનો હાથો જેના પર સુંદર ગૂંથેલા ભરતનું એક કપડું ત્રણ વખત વીંટાળેલુ હોય છે તેને પટો કહેવામાં આવે છે. પટાના નીચેના ભાગમાં કૃત્રિમ ઉનના બનાવેલા કૂમતાઓ લાગેલા હોય છે. વધારામાં એની ઉપર એક જાડુ કપડું પણ એના મધ્ય ભાગમાં અને નીચેના ભાગમાં દોરાથી બાંધેલું હોય છે જેનાથી એ પટાને રક્ષણ મળે તેમ જ એ સંતાયેલો રહે. એ પટા પર મુખ્ય વિષય અષ્ટમંગલ કે આઠ પ્રતીકો જે જૈન ધરમાં બહુ જ પવિત્ર ગણાય છે. તેમ જ ચૌદ તીર્થંકરના સ્વપ્નાં હોય છે. ફૂલો અને ખાસ કરીને કમળનો પણ ઉપયોગ એમના ચિત્રોમાં દેખાય છે. એ પટા માત્ર શણગાર સ્વરૂપે ન રહેતાં એનો ઉપયોગ સાધુઓ માટે એક તાવીજ તરીકે પણ થતો હતો. બધું ગૂંથણકામ એમના એકલપણના સમય દરમિયાન જૈન સાધ્વીઓ જ કરતી હતી. લાલ અને સફેદ રંગો ઘણું ખરું આ ગૂંથણકામમાં વપરાતા હતા અને તે પણ સાદી દોરાની સાંકળ જેવી રીતે બનાવતા હતા. જૈન સાધુઓ અને સાધ્વીઓ માટે એ પટો એમનાં વસ્ત્રોનો એક મહત્ત્વનો ભાગ બની રહેતો. રજોહરણ સાધ્વીઓનો અને સાધુઓનો એક સાથીદાર જેવો ગણાય છે. કારણ કે એ અષ્ટમંગલો જે જૈન ધર્મના મુખ્ય પ્રતીક ગણાતાં અને તે લાકડીના છેડા પર કપડાથી ઢંકાયેલા રહેતાં અને તે તાવીજ પણ હતાં જે અધર્મોથી દૂર રાખે. સાધ્વીઓ એ ગૂંથણકામને પોતાની સેવા તરીકે જ ગણતી અને એ ગૂંથણકામ પહેરવાનું હંમેશ સાધુઓ અને સાધ્વીઓ માટે જ હતું. સાધ્વીઓને એ ગૂંથણકામ કરીને સાધુઓ અને આચાર્યોને આપવામાં એક અનેરો આનંદ મળતો હતો અને તેઓ સાધુઓને આ રીતે આજન્મ સેવા આપીને આદરણીય આધ્યાત્મિક સંતોષ મેળવતા હતા.

# ખોવાયેલું પાકીટ

□ હરિશ્ચંદ્ર

એક દિવસ હું ઘરે આવતો હતો ત્યારે રસ્તામાં મેં કોઈનું પડેલું પાકીટ જોયું. જેનું હોય તેને પહોંચાડી દઉં, એમ માની મેં લીધું, પણ પહોંચાડવું કોને ? તેના માલિકનું ઠેકાણું તો જાણવું જોઈએ ને ! પાકીટ લઈને મેં ઉઘાડ્યું. તેમાંથી ચાર ડૉલરની નોટો નીકળી. બીજું કાંઈ પાકીટમાં નહોતું. મેં વધુ થોડું ફંફોસ્યું, તો અંદર એક નાનું ખાનું હતું અને તેમાંથી એક કાગળ મળ્યો. તે કોઈનો એક નાનકડો પત્ર હતો. કાગળ બહુ જુનો લાગતો હતો અને સાવ ચોળાઈ ગયેલો. એ પત્ર તે પાકીટમાં વર્ષોથી પડેલો હશે.

કોઈનો પત્ર તો કેમ વંચાય ? પણ પાકીટ તેના માલિકને પહોંચાડવું હોય તો કાંઈક ઠામ-ઠેકાણું તો શોધવું જ પડે ને ! એટલે મેં પત્ર લીધો. જોયું તો તેના ઉપર તારીખ ત્રીસેક વરસ પહેલાંની હતી અને મોકલનારનું સરનામું પણ હતું. પત્ર 'મારા વહાલા માઈકલ..'– એવા સંબોધન સાથે હતો અને તેમાં માત્ર એટલું લખ્યું હતું કે, 'તું મને ભૂલી જજે. હવે હું તને ક્યારેય નહીં મળું. આપણાં લગ્ન મારાં માતા-પિતાને મંજુર નથી. એમણે તને મળવાનીયે મને બંધી કરી દીધી છે. સદાકાળ હું તને ચાહતી રહીશ.' અને છેલ્લે સહી હતી –'તારી, બસ તારી જ, માર્ગા રેટ.'

વાંચીને હું સ્તબ્ધ થઈ ગયો. ત્રીસ વરસ પહેલાંનો એક પ્રેમપત્ર, જો કે પ્રેમભંગનો પત્ર, છતાં આ માણસે હજી સાચવી રાખ્યો છે ! પાકીટ તો ઠીક, આ પત્ર મારે તેને પહોંચાડવો જોઈએ, પણ કેવી રીતે પહોંચાડું ? માઈકલ કે જેના પરનો આ પત્ર છે અને જેનું આ પાકીટ છે, તેનું કોઈ ઠામ-ઠેકાણું તો છે નહીં. હા, પત્ર લખનાર માર્ગારેટનું ઠેકાણું છે, પણ તેય ત્રીસ વરસ પહેલાંનું. હવે તે ત્યાં હશે ? અને તે પણ હવે માઈકલનો પત્તો જાણતી હશે ? છતાં



લાવ, કોશિશ તો કરું.

પત્રમાંના સરનામે હું પહોંચી ગયો. માર્ગારેટ તો ત્યાં નહીં મળ્યાં, પણ અત્યારે તે મકાનમાં રહેતાં હતાં તે બહેને મને કહ્યું કે 'વીસેક વરસ પહેલાં અમે આ મકાન જેમની પાસેથી ખરીદ્યું, એમની એક દીકરી હતી, જેનું નામ માર્ગારેટ હતું. માર્ગારેટ સાસુન હૉસ્પીટલમાં કામ કરતી અને હૉસ્પીટલના ક્વાર્ટર્સમાં રહેતી. આ મકાનનાં માલિકો પોતાની દીકરી સાથે રહેવા જવાનાં હતાં, એટલું મને યાદ છે.' મેં હૉસ્પીટલનો સંપર્ક કર્યો, તો જાણવા મળ્યું કે માર્ગારેટ તો હવે નોકરીમાંથી નિવૃત્ત થઈ ગયાં છે, પણ હજી અહીં ક્વાર્ટર્સમાં રહે છે. બસ, મને આટલું જ જોઈતું હતું. હું ત્યાં પહોંચ્યો.

બારણું ઉઘાડ્યું. મારી સામે ઉંમરલાયક બહેન ઊભાં હતાં. વાળ તો બધા ધોળા થઈ ગયેલા. પણ ચહેરો સુંદર લાગતો હતો અને તેના ઉપર તેજ હતું. ઘડીભર એમની સામે જોતાં રહી મેં પૂછ્યું, 'તમે જ માર્ગારેટ ને ?'

'હા, અંદર આવો ને !'

'અમે અંદર જઈ બેઠાં. મેં ખીસામાંથી પેલો પત્ર કાઢી એમના હાથમાં મૂક્યો. એમના મોઢા પર અનેરી ચમક આવી ગઈ.

'અરે બેટા, આતો મારો જ પત્ર. માઈકલ સાથેનો આ છેલ્લો સંપર્ક. તને ક્યાંથી મળ્યો ? તું માઈકલને ઓળખે છે ? માઈકલ હજી જીવે છે ?ક્યાં છે ?'

મેં માંડીને રસ્તેથી મને મળેલા પાકીટની બધી વાત કહી, પાકીટ તેમના હાથમાં મૂક્યું. એ માઈકલનાં મધુર સ્મરણોમાં ખોવાઈ ગયાં....

'માઈકલ...મારો માઈકલ !....હું હજીયે એને ભૂલી નથી....પછી મેં લગ્ન પણ ન કર્યાં. માઈકલ જેવો બીજો કોણ મળે ?...દીકરા, આ પાકીટના માલિકને શોધી કાઢ !..' તેવામાં એમની કામવાળી આવી. પેલા પાકીટ ઉપર એની નજર પડી કે એ ચમકી ઊઠી.

'લાવો તો ! આ પાકીટ તો અમારા માઈકલદાદાનું. હું બરાબર ઓળખું ને ! એમનું આ લાલ રીબનવાળું જુના જમાનાનું પાકીટ. કહેતા હતા કે મારું પાકીટ ગુમ થયું છે. પૈસા તો એવા નથી, પણ એમાં મારી ખાસ ચીજ છે.'

અમે બેઉ તેની સામે જોતાં જ રહ્યાં. 'તું એમને ઓળખે છે ?'

'કેમ નહીં ? પેલા વૃદ્ધાશ્રમમાં રહે છે, હું ત્યાં પણ કામ કરું ને !'

હું તુરંત તેને લઈને વૃદ્ધાશ્રમમાં પહોંચ્યો. માઈકલના વાળ પણ ધોળા થઈ ગયેલા. મેં એમના હાથમાં પાકીટ મૂક્યું. પાકીટ જોઈને એવા તો ખુશ-ખુશ થઈ ગયા ! ઝટઝટ ખોલીને એણે જોઈ લીધું કે અંદરના ખાનામાં પેલો પત્ર તો છે ને ! મેં તે અંદર મૂકી જ દીધો હતો. 'દીકરા, ભગવાન તારું ભલું કરે ! તે મારા જીવનની અણમોલ મૂડી મને પાછી મેળવી આપી.'

'દાદા, ખરી મૂડી તો હજી મારે તમને સોંપવાની બાકી છે.'

અને અમારી સવારી પહોંચી માર્ગારેટના ઘરે. માર્ગારેટ તો ઉત્સુકતાથી તલપાપડ થતી બેઠી જ હતી.

બન્નેએ એકમેકને જોયાં, અને કેટલીયે વાર સુધી નીરખી-નીરખીને એકમેકને જોતાં જ રહ્યાં. પછી માર્ગા રેટ બોલી ઊઠી, 'માઈકલ, તું ? મારો માઈકલ !' અને ઉછળીને એ માઈકલને વળગી પડી. બન્નેને એકલાં મૂકી હું બહાર નીકળી ગયો.

થોડા દિવસ પછી માઈકલનો ફોન આવ્યો, 'અમે લગ્ન કરીએ છીએ. દીકરા, તારે તો હાજર રહેવાનું જ છે. તું મારો ફર્સ્ટ ફ્રેન્ડ (અણવર).'

આ ત્રીસ વરસનો અણવર, સાઠ વરસની દુલ્હન અને બાસઠ વરસના દુલ્હાના લગ્નમાં હમણાં જ હાજર રહી આવ્યો. તમનેય આ અનોખા પ્રેમ-મિલનમાં હાજર રહેવાનું ગમ્યું હોત ને !

✸✸✸

# પ્રાસ

હિમાંશી શેલત

**આ**ટલાં બધાં નામમાથી કયું નામ? દુર્ગા, વૃંદા, હિરણ્ય, ચૈતાલી, ઝરણી, તમન્ના, સરગમ કે માનસી? બધાંયે ગમતાં હોય તો માત્ર એકથી ન ચાલે. ઓછામાં ઓછી ચાર દીકરીઓ જોઈએ. પછી દરેકનાં બે નામ પાડી શકાય, પણ અહીં તો એક જ છે અને એક જ રહેવાની. તો નામ પાડયું માનસી, અને લાડમાં માનુ.

માનુને પરીની વાર્તા નથી કહેવી એમ પહેલેથી જ નક્કી કરેલું. છોકરીઓને પરીની વાર્તાઓ કહી કહીને સુંદરતાનું નર્યું આભાસી વાદળ ઊભું નથી કરવું. પરી રૂપરૂપનો અંબાર, એની આંખો તારા જેવી ચમકે અને વાળ સોના જેવા ચળકે. ન પરી, ન પાંખ. માનુ તો ખરબચડી ભોંય પર ભમવાની, કાંટાળી કેડી પર ચાલવાની, વરસતા વરસાદમાં પલળવાની અને કાદવમાં ખરડાવાની. આ માનસી એની માનું સપનું જાગતી આંખોનું. એ નિસર્ગની લાડકી. ના, નિસર્ગ કંઈ માનસીના પાપાનું નામ નથી. આ તો પેલા અંગ્રેજ કવિની કવિતામાં લ્યુસી નામની એક કન્યા આવે છે એના જેવું. માનસી કુદરતની દીકરી, સહજ લાલિત્યથી સભર. બધા સાથે લયમાં જીવે, તાલ ક્યારેય તૂટે નહીં.

પડખામાં માનસીને પહેલી વાર જોઈ ત્યારે એની માને શું થયું એ શબ્દોમાં તો શું દેખાડી શકાય! છતાં કહી જોઈએ. આવડું મોટું વરદાન શી રીતે આવી મળ્યું એનું અચરજ આંખોને બંધ થવા જ ન દે. જપતપ નહીં, બાધાઆખડી નહીં, ન બારણે માથાં ટેકવેલાં, કે ન કોઈ જાત્રાપરકમ્મા. તોયે એક અણમોલ ફૂલ હાથમાં સોંપી દીધું કરતારે, કહ્યું કે લઈ લે, બહુ મન હતુંને દીકરીનું? આ હવે તારી, સંભાળી લે...

વાહ રે! આ તો બેનમૂન કારીગરી! આ પાંદડી જેવાં બંધ પોપચાં ખૂલશે ત્યારે શી ખબર આનંદની કેવી હેલી મંડાશે! હૃદયમાં સુખની ભરતી એવી તો પ્રચંડ, કે કાંઠા-



કિનારા તોડી સઘળું જળબંબાકાર અને પુરબહાર થઈ ગયું. મા તો હરખના અનરાધારમાં તરબોળ. શું કરું? છાતીસરસી ચાંપી રાખું કે ટગર ટગર જોયા જ કરું? મા મૂંઝાય.

ભોળું ભોળું હસે નાનકી. સોનેરી રંગનું. ક્યારેક ઓછું આવી જાય અને રડે તો આંખની છીપમાં મોતી બંધાય. આવડી નાનકડીને લઈ મા બાપ ઊપડયાં હિમાલય. કેમ? તો એમ કે એની આંખોમાં હિમાલયનું પ્રતિબિંબ જોવું છે! ત્યાં તો બધું ટાઢ. આવડી અમથીને શરદી થઈ જશે, માંદી પડી જશે. મા કહે કે માનુની આંખો અત્યારે એકદમ સ્વચ્છ છે, પછી એને દુનિયાનો પાસ લાગતો જશે. આ ચોખ્ખી, નીતર્યા જળ જેવી આંખમાં જ અમારે તો હિમાલય જોવો છે. રસ્તામાં જેટલાં ફૂલ મળ્યાં એટલું માનુ મલકાય. અલમસ્ત જીંથરિયાળા કૂતરાને જોઈને, પહાડી પંખીને જોઈને, ડોક હલાવી રણકઝણક ભમતી ગાયને જોઈને માનુનું મોં સ્મિતમાં ખીલી જાય, અને એની આંખો રીતસર નાચે, તા થૈ, તક થૈ. પછી તો એની આંખોમાં હિમાલયનું પ્રતિબિંબ સુવાંગ. પેલાં ઊંચાં, શ્વેત શિખરો, જ્યાં કોઈ કદી પ્રવેશ્યું ન હોય એવી ગુફાઓ, બરક-ચાદર પર આળોટતો બાળસૂર્ય અને ખીણની લીલાશમાં ફૂટતા ટહુકાઓ, બધું માનુની આંખોમાં દેખાયું.

- તેં આવું સરસ નામ પાડયું છે તો ટૂંકું શા માટે કરે છે?

- નામ સરસ છે માટે જ તો પાડયું છે તો ટૂંકું શા માટે કરે છે? પણ એ તો ષોડશી માટે, અત્યારે એ નામ જરા ભારે લાગે છે. સાવ નાની ઢીંગલી છે એ, માટે નાનું નામ!

- તારું તો કશું સમજાય એવું હોતું નથી!

- ના જ હોય, કારણ કે હું માનુની મા...

હવામાં હાથ અધ્ધર કરીને 'થાક્યા તમારાથી તો!' જેવી મનોહર મુદ્રા અને પછી ખુરશી પર પગ લાંબા કરી, મોં પર છાપું ઢાંકી સૂર્યસ્નાન.

માનુ અને એની માત્ર એમને જ સમજાય એવી ગુફતગોમાં. મધમાં કાલવેલું માખણ, અને ઉપર ભભરાવી એલચી, ચારપાંચ પત્તી ગુલાબની શોભા. ગુફતગો એવી રસભરપૂર, મુલાયમ અને મઘમઘતી. માનુનું સામ્રાજ્ય ફ્લેફ્લે. રસોડાને બારણે બે ધોળીબખ બિલ્લીઓ આવે. એક મોટી તો બીજી નાની. નક્કી મા-દીકરી જ હશે. માનુ બંનેને અખૂટ રસથી જોયા કરે, કોળિયો ચાવવાનુંયે ભૂલી જવાય. માનુનો શબ્દકોશ રોજેરોજ નવો અને એને વાંચવાનું કામ માને આખેઆખી રોકી રાખે. પંખી એટલે કી અને પાણી એટલે ની, કશું જોઈએ ત્યારે મા સામે પોતાની હથેલી ધરી દેવાની. એ હથેળીની ઝાંખી ઝાખી રેખાઓ પર ફરવાનું, હળવે હળવે. માનુની મા પાસે હવે બીજું કશુંયે કરવાનો વખત જ ક્યાંથી?

- હવે એ ઊંઘી ગઈ છે ત્યારે તે ઠરીને બેસ!

- બેઠેલી જ તો છું! આ ગુલાબી ફ્રોક પરનાં ફૂલ ઊખડી ગયાં છે તે જરા ટાંકી દઉં. માનુને આ ફ્રોક બહુ ગમે છે...

- આ માનુ તને પાગલ કરી મૂકવાની

છે !

એક ક્ષણ હાથમાં સોય અધ્ધર, એની અણી હવાને છેદતી, વળતી ક્ષણે હોઠ પર છલકાતી પ્રસન્નતા.

- કરી મૂકવાનો સવાલ જ ક્યાં છે ? અત્યારે એ જ અવસ્થા ચાલે છે. ભગવાન આવું ગાંડપણ બધ્ધી દીકરીઓની માને આપે !

- તારું લખવાનું, પેલો રિસર્ચ પ્રોજેક્ટ, બંધુ અધ્ધર ?

- અત્યારે તો આ જ મારું મનગમતું કામ...

- તો ચાલો, જેમને ભાગે શાણપણ આવ્યું છે એમનું અહીં કશું કામ નથી !

ooo

સાત વર્ષની માનુ ઘરમાં જ ફૂલોની ઘાટી અને ઘૂઘવતા દરિયા લઈ આવે છે.

- ઓ હો હો...! આટલું સરસ શી રીતે બનાવ્યું મારી માનુએ ? નજર સામે સ્વર્ગ ખડું છે. સર્જનહારની વાંકડી લટો કપાળ પર સરી આવી છે, ગાલ પર માટી ચોંટી છે, અને ચહેરાએ સૂરજ પાસેથી રતાશ ચોરી લીધી છે. ઝાડુની સળીઓનું એક ઘર છે, ઉપર છે જૂની ડાયરીનું લાલ પૂઠું, છાપરા લેખે. છીપલાંની વાડ પાસે કરેણનું ફૂલ કૂંડા જેવું, ગુલમોરની ઝીણી પત્તીથી રસ્તો લીલોછમ અને કેસરી ફૂલોભરી બોગનવેલની તૂટી ગયેલી એક નાજુક કાળનું વૃક્ષ ઘરને ઢાંકે છે. આ સ્વર્ગમાં રહે છે કોઈ ? લ્યો, ઘરને તો બારણું જ નથી !

માનુ એના સર્જનથી ખુશખુશાલ છે. તાળીઓ પાડીને થનગને છે. પગમાં ઝાંઝરી નથી પહેરી તોયે છમછમ સંભળાય છે. રોજ સવારે માનુ અન્નકૂટની તૈયારી કરાવે છે. મોટા થાળમાં રોટલીના ટુકડા, મમરા, ચીકીનો ભૂકો, બિસ્કિટ, ચણા વગેરેની સજાવટ. પાણી પર થાળી, અને પગથિયાં પર માનુ. ખિસકોલીઓ મફત ખાતી નથી. મનોરંજન કાર્યક્રમ આપીને ખાય છે. નાટક ભજવે છે, ડોક મટકાવે છે, પકડદાવ રમી દેખાડે છે, પૂંછડીની ધજા ફરકાવે છે. જે કોઈ આવે એ માનુના સદાવ્રતમાં સામેલ. ગા ગા, તૂ તૂ, બેં બેં પછી તો ગાય, ટોમી, ટાઈગર, બકરીમાં રૂપાંતરિત થયાં હોવા છતાં માનુના નિત્યક્રમમાં ખાસ ફેર પડયો નથી.

- આ છોકરીનો જનમ જ તમામ ગ્રહોના સુમેળમાં છે. કશુંયે વક્રી નહીં, સહુની એકમેક પર અમીનજર !

માનુ દરિયાદિલની, આપવામાં ઉતાવળી અને રાજી. ઘર સામેના ખાલી પ્લોટમાં નવું મકાન ચણાય. એક મજૂરની કામચલાઉ ખોલીમાં બેચાર છોકરા કાયમ રમતા દેખાય પણ રમકડાં વિના. માનુ ઓટલે બેઠી એમને જોતી હોય. માની સામે જુએ એટલે મા સમજી જાય.

-બે દડા અને બે રિંગમાંથી એક એમને આપી દઈએ, ખરું ? માનુ દડા અને રિંગ લેવા અંદર દોડે, લઈને બહાર આવે.

- આ જૂનાં આપી દે !

આશ્ચર્યથી માનુ મા સામે જુએ. જૂનાં ? કેમ જૂના ? નવાં જ આપીએ. આપવું હોય ત્યારે સારામાં સારું આપવાનું. મા માનુને બાથમાં લઈ લે. સંસારનો તાપ આ ફૂલથી શી રીતે વેઠાશે ? માને ગ્રહણ લાગી ગયું. એની આંખો પછી સતત માનુની પાછળ ને પાછળ, પારાવાર અધીરાઈમાં.

- માવડિયણ બની ગઈ છોકરી ! દુનિયા જો ! છોકરીઓ કેવાં સાહસ કરે છે, કેવાં શિખરો સર કરે છે, દુનિયાના ખૂણે ખૂણે પહોંચે છે, અને એક આ માનસી જુઓ...

- શી ખોટ છે માનુમાં ? અને હું એને સાચવું એમાં નવું કશું નથી. સાચવવા જેવી એ એક જ તો છે મારી પાસે !

ooo

મા ઉકળાટમાં, અવાજ વાગે એવો, ધારદાર અને તપેલો. મામલો જ કંઈક અકળાવનારો.

- પણ આટલે દૂર રહી હોસ્ટેલમાં ભણવું પડે એવું તે કેવું ભણવાનું ? અહીં ઘરઆંગણે ભણાય એવું નથી ?

-નથી. માનસીને જે ખાસ ભણતર ગમે છે તેને માટે અહીં જોગવાઈ નથી. ઘરઆંગણું છોડવું પડે એમ છે. કેમ સમજતી નથી ?

-નથી સમજાતું. તમે બંને કેમ આવી હઠ કરો છો તે ! માનુ, બેટા ! તું જ ના પાડી દે એટલે ઝંઝટ મટે. માનુ એના પાપા સામે મલકે. જાણે બેયનું કાવતરું. માનસી માને ભેટીને એને માથે વહાલથી હાથ ફેરવે.

- આ ધોળા થવાના અને હું થઈ ગઈ મોટી. જવું પડે બહાર. ભણીને અહીં જ તો આવીશ પાછી ! દર મહિને એક આંટો નક્કી, પછી કંઈ ? વખત ઓછો હશે તો પ્લેનમાં મુસાફરી કરીશ, ખરુંને પાપા ?

તૈયારીઓ ચાલી. માને તો જાણે પાનખર બેઠી.

- આ ખોટું. છોકરી સરસ મજાની ભણવા જાય છે. આવી સંસ્થામાં એડમિશન મળ્યું એ કેવી મોટી વાત, ખબર છે ? તું તો જાણે એને કાળાં પાણીની સજા થઈ હોય એમ...

મા ખોટેખોટું ખુશ દેખાવા મથે છે પણ મન આશંકાથી તરફડે છે. સમજાતું નથી કેમ આટલા બધા અમંગળ વિચારો...

- પ્લીઝ મા ! દિલથી જવા દે તો જ જવું ગમે, આમ રડમસ ચહેરે નહીં....

- ભલે ચાક, તું કહે છે તો એમ ! ઓ... કે... જો સૂંઠ મૂકી છે પીળા ઢાંકણાવાળી બાટલીમાં, કેસર-એલચીની ભૂકી ભૂરા ઢાંકણાવાળી બાટલીમાં, દૂધ પીજે રોજ, આળસ કરીશ નહીં.... અને ગળું ખરાબ થાય કે તરત હળદર ને...

માનસી ધીમું ધીમું હસે છે.

- એમાં હસવા જેવું શું છે ?

- એ જ કે હું ભણવા નહીં પણ માંદી પડવા ક્યાંક જઈ રહી છું !

પછી મા-દીકરી ખડખડાટ હસે છે. ઘર ઉજાસથી ઊભરાય છે.

ooo

ફોન અને કાગળમાં માનસીને કોઈ પહોંચે નહીં.

- તું, મા, હવે કોમ્પ્યુટર શીખી લે. આપણે બેઉ મજા કરીશું લાંબાલચક ઈમેઈલ કરીને !

- એ કામ તારા બાપને ફાવે. હું તો કાગળ જ લખવાની. મને એ ગમે. અને અવાજ સાંભળવો હોય તો ફોન કરવાનો.

- એ જાણે સાચું. ફોન એટલે ફોન...

- રોજ સાંજે શું કરે તું ? દોસ્તબોસ્ત થયા કે નહીં ? પ્રશ્નમાં વેગે ધડકતું હૃદય પડઘાય છે. છોકરાઓ આસપાસ ચક્કર મારતા રહે એવી છે માનસી. તરત જવાબ નથી મળતો. પછી જરાક વારે...

- ચારેક છે. બુલબુલ કલકત્તાની છે. નિયતિ અને જય મુંબઈથી અને વિલિયમ છે તો કેરાલાનો પણ અત્યારે એના પેરન્ટ્સ... છેલ્લા નામથી કશા ખાસ કારણ વગર મા ચોંકે છે. કોણ હશે આ વિલિયમ ? પરદેશી ? આગળ પૂછવું તો છે પણ જીભ આનાકાની કરે છે. જોયુંને ? દીકરી વેગળી થઈ અને અંતર વધી ગયું. બાકી બધીયે વાતો થાય એવો સંબંધ. હવે બારીબારણાં બંધ થવા લાગ્યાં. એક સવાલ પૂછવામાંયે દસ વખત વિચાર કરવો પડે. નહોતી મોકલવી આટલે દૂર. પણ હવે એ ડહાપણ નકામું. એ તો ગઈ એટલે ગઈ.

૦૦૦

- માનસી બેટા, આ મહિને કેમ ખાડો પાડયો ? અમે કેટલી રાહ જોતાં'તાં ?

- સોરી મા ! રિસર્ચ પ્રોજેક્ટનું કામ બહુ પહોંચ્યું. વખત જ ન મળ્યો. બે દહાડાયે રહેવાય નહીં તો આવવાનો અર્થ શો ?

- હવે ક્યારે ?

- આવીશ તરત જ, એટલે કે કામ પતે કે તરત, મોડામાં મોડું આવતે મહિને તો ચોક્કસ... નહીં તો એક કામ કર, તું જ આવી જા, જલસા કરીએ આપણે !

રિઝર્વેશન મળ્યું કે મા દોડી ઘણો બધો ઉચાટ અને અજંપો ઊંડે દાટી દઈને. માનસી કેમ ખોવાયેલી-અટવાયેલી લાગ્યા કરે છે ?

- આ બધા તારા વહેમ છે, કચરો કાઢ અંદરનો ! માનસી ઘણી મેચ્યોર છોકરી છે. કંઈ નહીં તો છેવટે તારા ઉછેરમાં તો ભરોસો કર !

ટ્રેન રાતે પહોંચતી હતી. માનસી પ્લેટફોર્મ પર હતી, એની મિત્રમંડળી સાથે. હસતાંરમતાં કેમ્પસ પર પહોંચ્યાં. ત્યા વ્યવસ્થા સારી. દૂરથી સગાંવહાલાં મળવા આવે તો એમને માટે રહેવાની અલાયદી જોગવાઈ. ચાર દિવસ મોજથી કાઢ્યા. બધું બરાબર જ કહેવાય. અજંપાને કોઈ કારણ નહોતું. પણ વાતોમાં માનસીનો જીવ નહોતો પરોવાયો, ને એનો હાથ કેટલો ઠંડો... ! એકદમ નર્વસ છોકરીનો હોય એવો...

- કોઈ મૂંઝવણ છે બેટા ? એની પ્રોબ્લેમ ?

- ના રે ! તને કેમ એવું લાગે છે ? મારું કામ ખૂબ જ સરસ ચાલે છે, દસેક દિવસ પછી આવું છુંને ! નિરાંતે રહેવાય એમ...

જવાનું આવી ગયું. ટ્રેન આગળ ધપી અને પ્લેટફોર્મ પર ઊભેલી માનસી ઝાંખી પડતી ગઈ. માની આંખ એની જાણ બહાર જ ભીની થઈ ગઈ. ખોટું છે આમ પોચકાં મૂકવાનું. માનસી મજબૂત છે, સમજદાર છે, એને કશું થવાનું નથી. ભરોસો રાખવો પડે. આમ છતાં દુનિયા શેતાની છે અને સમય ખરાબ છે એવી દલીલો કરતી બુદ્ધિને ચૂપ કરવાની કોશિશમાં બેચેની વધતી રહી.

- કેમ છે રાજકુંવરી ? ક્ષેમકુશળ ?

મા ગૂમસૂમ. મનનું સમાધાન કોઈ રીતે થતું નહોતું. ભારે ફફડાટ હતો. શેનો ? ખબર નહોતી.

- જરા ફોન કરો માનસીને... બરાબર પહોંચી ગઈ છું એ કહીએ. એને ચિંતા ન થાય...

## સુરેન્દ્રનગરનું હિત સદાય જેમના હૈયે વસ્યું તેવા સાચા સમાજસેવક શ્રી વિપિનભાઈ ટોળિયાનું નિધન



**સુરેન્દ્રનગરના વિકાસ માટે સદૈવ પ્રયત્નશીલ, કર્તવ્યપરાયણ આગેવાન શ્રી વિપિનભાઈ ટોળિયાનું કોરોના મહામારીમાં કેવળ ૫૫ વર્ષની વયે નિધન થયું છે.**

**સુરેન્દ્રનગરના વિકાસ માટે ૬૦૦ કરોડની ગ્રાન્ટ મેળવી. ભોગાવાના કાંઠે રીવર ફ્રન્ટ, ગેટ ફાટક પાસેના ટ્રાફિક નિયંત્રણ માટે ફ્લાય ઓવર બ્રિજ, ગરીબ લોકો માટેના ૯૦૦ આવાસ – 'રેનબસેરા'નું આયોજન તેમના અથાક પ્રયત્નોને આભારી હતું.**

**સુરેન્દ્રનગર વાસુપૂજ્ય દેરાસરના શ્રેષ્ઠી-પ્રમુખ, ઝાલાવાડ ચેમ્બરના પ્રમુખ, જૈન યુવાનોના સંગઠન 'જય જીનેન્દ્ર' ગ્રુપના સ્થાપક શ્રી વિપિનભાઈ પોતાની અપાર કોઠાસૂઝથી રાજકીય, સામાજિક, ધાર્મિક અને આર્થિક ક્ષેત્રે અમીટ છાપ છોડી ગયા છે. તેમણે સુરેન્દ્રનગર નગરપાલિકાના પ્રમુખ તરીકે સતત સુરેન્દ્રનગરનો વિકાસ કર્યો. તેઓ વેપાર ઉદ્યોગની વૃદ્ધિ માટે પ્રયત્નશીલ રહ્યા. જીવદયાપ્રેમી વિપિનભાઈએ જૈન યુવાનોને સંગઠિત કરી જાહેર જીવનમાં સક્રિય થવાની પ્રેરણા આપી હતી. સુરેન્દ્રનગરને આ ઉત્સાહી વિકાસપુરુષની સદાય ખોટ અનુભવાશે.**

હોસ્ટેલ પરથી જવાબ મળ્યો કે બહાર ગઈ છે, મોબાઈલ કર્યો તો સ્વિચ ઓફ.

ooo

એ રાતને પૂરી થતાં સદીઓ વહી ગઈ. કટકે કટકે મા ઊંઘી અને જાગી, જાગી અને ઊંઘી. આંખ જરા મળે ન મળે ત્યાં ઊંઘ સફાળી કૂદીને ભાગે, જીવ બળતો રહ્યો. દેખીતા કોઈ પણ કારણ વગર.

- આપણે સવારે માનસીને તરત જ ફોન કરીશુંને ?

- હા, ભઈ હા! પહેલું કામ એ. પણ છોકરા છે, બહાર ફરવા-ફરવા ગયા હશે, એમાં આવો રઘવાટ ઠીક નથી.

સવારે ફોન થયો. માનસી નાટક જોવા ગયેલી. અવાજ નરવો અને રણકાદાર. માને હાશ થઈ ગઈ.

-તુંયે શું મા! તને બીજું કંઈ કામ નથી આ સિવાય? અમથી અમથી ઉચાટ કરે છે અને પાપાને કરાવે છે તે!

મા સંકોચાઈ ગઈ, ભણતી દીકરી, સ્વતંત્ર મિજાજની, પાણીદાર, એની પાછળ આમ પડી જવું ઠીક નથી. મોકળાશ પહેલેથી આપી છે, હવે તો વધારે આપવી જોઈએ. માએ જાતને ધમકાવી. છોડવું પડશે આ બેહૂદું વર્તન, નહી તો દીકરી જ દૂર ભાગશે.

ooo

એથી જ લાગલગાટ પાંચ દિવસ માનસીનો ફોન ન આવ્યો ત્યારેય માએ જાત પર જુલમ આદરીને સામેથી પૂછપૂરછનો મારો ન ચલાવ્યો. બહુ કામ હશે કોઈ ફંક્શન હશે, વાંચવામાં વખત નહીં મળતો હોય. હા, બે એસએમએસ આવ્યા હતા. મજામાં છું એવી જાહેરાત કરતા, પછી વધારે શું જોઈએ?

છઠ્ઠે દિવસ ફોન કર્યો ત્યારે આગળ થયેલું એવું જ. હોસ્ટેલ પર મળી નહીં, અને મોબાઈલ સ્વિચ ઓફ.

- રાતે અમુક ટાઈમે પાછા આવવાનો નિયમ નહીં હોય?

- હશે જ, પણ રજા લઈને ક્યાંય ગઈ હોય અથવા બધા સાથે કશેક...

- તોય હોસ્ટેલ પર ખબર તો હોય જને!

જીવ અધ્ધર થઈ ગયો. સાતમા દિવસની સવાર. આઠેક વાગ્યે રિસિવરને હાથ અડે એ પહેલાં જ ફોન રણક્યો. મા ઊછળી પડી, હમણાં ખખડાવી કાઢું એને, આ તે કઈ રીત છે ?

- હેલો! મિસિલ વ્યાસ? સોરી ટુ ઈન્ફોર્મ... યોર ડોટર માનસી...

પછીના શબ્દો માને ન ત્યારે સમજાયા, ન આજ લગી ક્યારેય સમજાયા. સ્તબ્ધ માના હાથમાંથી પાપાએ રિસિવર લઈ લીધું. માની ચીસો બારણાં અફાળીને હવામાં ફેલાતી રહી. એ આત્મહત્યા કરે જ નહીં, હું માનું જ નહીં... નક્કી કોઈ કાવતરું... તમે તપાસ કરો, પ્લીઝ! સીબીઆઈને સોંપો, આપણે ચીફ મિનિસ્ટર પાસે... હોસ્ટેલ ઓથોરિટી આમ સાવેસાવ છૂટી પડે? તમે આજે જ જાવ, કમિશનરને કહો કે... જલદી કરો, પ્લીઝ...

અરજીઓ, મુલાકાતો, અહીં, ત્યાં, આજીજી, આક્રોશ, દબાણ, પાણી વલોવાતું રહ્યું. રડી-કકળીને મા ખતમ થઈ ગઈ. પછી સૂનમૂન અને તૂટીફૂટી.

ooo

એ ઘટનાને ચાર વર્ષનાં પોપડાં વળી ગયાં છે છતાં સાવ આછા કંપમાંયે એ ખરતાં રહે છે. એવો જ એક કંપ આવ્યો કેતકીના રૂપમાં. દૂરનું સગપણ. આ અજાણ્યા શહેરમાં શે માનસીની માને જ ઓળખે. કેતકીની ભીતર અપરાધભાવનો ભયાનક વલોપાત વેઠી ન શકાયો ત્યારે ઠાલવવાનું આ જ એક ઠેકાણું જડયું.

એણે જે કંઈ કહ્યું એ સાંભળી માનો ગુસ્સો ભડભડયો.

- તારાથી ના જ કહેવાઈ? આવી સોનોગ્રાફી ગુનો છે, જેલમાં ગોંધી દેવા જોઈએ તમને બધાંયને, તને તો ખાસ, કારણ દીકરી તારા પેટમાં હતી!

- પણ માસી, ઘરમાં ચોમેરથી દબાણ, મારા મગજનું ઠેકાણું ન રહ્યું... ઉપરથી તબિયત ઢીલી એટલે...

- મને બોલાવવી હતી. હું મરી ગઈ'તી? કોઈ દબાણ કરે એટલે પેટની દીકરીને લોચાની પેઠે કાઢી નાખી? અરેરે! આપણા કરતાં તો પ્રાણી સારાં.

- મને કંઈ સૂઝ્યું નહીં ને થતાં થઈ ગયું પણ હવે રાતદિવસ મને એ જ દેખાયા કરે છે...

- તે ભોગવો હવે, કાયર ક્યાંનાં! તારું ભણતર તને જ ખપમાં ન આવ્યું આવે વખતેય તે! હવે પાપ વેઠાયું નહીં ત્યારે ભાર ઠાલવવા આવી અહીં...

મા તોફાની વાવંટોળમાં જાણે ઘૂમરીએ ચડી હતી. એનો સૂસવતો અવાજ, એનાં પોપચાંની દીવાલ પાછળનાં ઘોડાપૂરને અડીને આવતો હતો. એ દીવાલ તૂટું તૂટું થતી હતી, પછી ફેલાવાનો ધોધમાર, ધસમસ જળનો આતંક. કેતકી નીચી આંખે, પોતાની હથેળી પરના લોહીના અદૃશ્ય ડાઘ જોતી બેઠી.

ઊછળતાં લોચનને પોપચાં જીરવી ન શક્યાં. દીવાલ ફસકી પડી પાંપણની, અને સઘળું પુરજોશમાં તણાયું.

-અરે! દીકરી હોવી એટલે શું તે મને પૂછ! મારી માનુને તેં તો ક્યાંથી જોઈ હોય? આજ દી લગી એ કેમ કરતાં મરી ગઈ એની ભાળ મળી નથી. બધા કહે કે આત્મહત્યા, હું જાણુંને! એ આત્મહત્યા કરે જ નહીં, તોયે શું કરી શકી? એનું મોત દઝાડે છે ઘડીપળ, ઠરવા દેતો નથી એ બળાપો, અને તું હાથે કરીને...? આવી કૂણી કળીને પેટમાંથી ખેંચી કાઢીને ઉકરડે...? તારે જ હાથે? તું તો કેવી...!

પ્રલયપૂરમાં વેગે તણાતી માનુની માને વળગવા કેતકી નજીક ગઈ, પણ આડો હાથ ધરીને મા ઊભી થઈ ગઈ,કેતકી એને સ્પર્શે એ પહેલાં જ.

✸✸✸



# તિલકા

□ ધૂમકેતુ

મોતીરામને પહેલાં તો નવાઈ જ લાગી. કોઈ દિવસ એ શુકન વિના ગોપાળની વાત ન કરનારી તિલકા આજે આ શું બોલી રહી હતી?

એણે એક પળભર તિલકા સામે જોયું. એના ચહેરામાં ખરેખર કાંઈક ફેરફાર હતો. એણે જે કહ્યું તેની સચ્ચાઈ ત્યાં બેઠી હતી. પણ એ તો તિલકાનું ભલું પૂછવું! ઘડી ઘડીના રંગ બતાવનારને હાથે પાછો પોતે મૂરખ ન બની જાય માટે મોતીરામ સંભાળથી બોલ્યોઃ લે, આજ તો તારી રસોઈ પણ કાંઈ ઑર બની છે! કાંઈ થયું છે કે શું?'

'થાય શું? મારી રસોઈ તો હંમેશાં આવી હોય છે, પણ તમારું મન ઠેકાણે હોય તો ને? પણ મેં કહ્યું એ વાત કેમ ખાઈ ગયા? ગોપાળને ક્યારે બોલાવવો છે?

'બોલાવીશું, બોલાવીશું. હજી તો હમણાં જ ગયો છે!'

'હમણાં શેણે ગયો છે? આજ દિવસ થાશે પંદર!'

'પણ એક-બે મહિનો રહેવા તો દે. મામી જરાક ખોખરો કરશે, તો તારો જીવ લેતો આળસશે! હું એને બોલાવું તો આંહીં આવશે કે પાછી તારે એની એ પંચાત! નહાતાં, ખાતાં, વાત કરતાં, રમકડાં આપતાં રડ રડ ને રડ! બે મહિના ભલે ત્યાં રહ્યો!'

'પણ મને સૌ ખાઈ જાય છે!'

'એ તો બોલે સૌ. બે દિ બોલશે. એમને વીતે તો ન બોલે!'

તિલકાની આંખમાંથી દડ દડ આંસુ પડવા લાગ્યાં.

મોતીરામ બોલ્યા : 'અરે! પણ એમાં રડે છે શાની? બીજા બોલે છે, પણ મેં કહ્યું છે તને કાંઈ?'

'તમે કહ્યું નથી, પણ મને હવે તો જાણે સૌ કહી રહ્યાં છે!'

'સૌ એટલે કોણ કોણ? એક તો આપણાં ઝમકુકાકી હશે. એ ચોવીશે કલાક નવરાં છે!'

તિલકા આંખ લૂછીને ગંભીર થઈ ગઈ : 'મને સૌ કહી રહ્યાં છે. ઝમકુકાકી પણ નહિ, ને જડાવમામી પણ નહિ. એ કોઈ કાંઈ બોલતાં નથી! પણ બીજાં મને બોલી રહ્યાં છે!'

'એકનું નામ લે ને!'

'એક તો જાણે, આ તમારી જૂઈની વેલી!'

'જૂઈની વેલી?' મોતીરામ, સાંભળીને નવાઈ જ પામી ગયો. પહેલાં તો એ કાંઈ સમજ્યો નહિ. પોતાની બીજી વહુ પણ ગાંડી થઈ કે શું? એવું એના મનમાં લાગતાં એ ગભરાટમાં પડી ગયો. એની પહેલી વહુ નર્મદા સુવાવડમાં ગાંડી થઈને મરી ગઈ હતી. ને છ વરસના ગોપાળને સાચવવાનું એના માથા ઉપર આવ્યું હતું. એણે માન્યું હતું કે તિલકા એ છોકરાને જાળવી લેશે, પણ તિલકા તો દિવસના એક હજાર રંગ દેખાડનારી અજબની બાઈ નીકળી. ગોપાળને સાચવવાનો તો એક બાજુ રહ્યો, પણ ગોપાલના વાંક વિનાની એક વાત એની પાસે ન હોય! તેલ ગોપાળે ઢોળ્યું હોય. પ્યાલો ગોપાળને સંભાળતાં ફૂટી ગયો હોય. દાળ દાઝી હોય તો પ્રતાપ ગોપાળનો હોય. દૂધ ઊભરાઈ ગયું હોય, પણ એ તો ગોપાળ કૂતરાની પાછળ દોડતો હતો, ને પોતે એને લેવા દોડી તેમાં એમ થયું હોય!

આખા ઘરની ગેરવ્યવસ્થા ગોપાળને નામે ચડતી. ગોપાળને નામે બધી જ વાત બનતી. અને હંમેશાં સાંજે તો આ છોકરાથી થાકીને તિલકાએ રોવાનું જ બાકી રાખ્યું હોય!

ને તે પણ મોતીરામને દેખતાં જ શરૂ થાય!

એટલે મોતીરામ થાકીને ગોપાળને એના મામાને ત્યાં મૂકી આવ્યો હતો. ત્યાર પછી ઘરમાં શાંતિ હતી, પણ આજે તિલકાને આવી વાત કરતી જોઈને મોતીરામ આશ્ચર્યમાં પડી ગયો! એને પહેલાં લાગ્યું કે સૂરજ પશ્ચિમમાં ઊગવાનો કે શું?

પણ જૂઈની વાત સાંભળીને તો એ ગભરાટમાં પડી ગયો! એને થયું કે તિલકા પણ ગાંડપણને પંથે વળી કે શું?

તેણે તેની સામે જોઈને કહ્યું : 'આવી ગાંડી વાત શું કરે છે? જૂઈની વેલી ક્યાંય બોલતી હશે?'

'જૂઈની વેલી તો બોલે છે, પણ પેલો કરેણનો છોડ પણ બોલે છે! એ પણ કહે છે, બાઈ! તારો દીકરો તેં ક્યાં મૂક્યો?' તિલકા કાંઈક આવેશથી બોલી.

'લે હવે ગાંડા કાઢમા ગાંડાં. બોલ, આજ આપણે જાવું છે સિનેમામાં?'

'ગોપાળ વિના નહિ!' તિલકા બોલી.

'પણ તને થયું છે શું તિલકા? કેમ આમ અચાનક ગોપાળની વાત કરવા માંડી છે? એક મહિનો એ ભલે ત્યાં રહ્યો!'

'પણ મને જાણે તમારું આખું ફળી ઠપકો આપતું સંભળાય છે!'

'હવે ઘેલાં કાઢ મા પેલા!'

મોતીરામ સમજી શક્યા નહિ કે આવો અચાનક ફેરફાર તિલકામાં ક્યાંથી આવી ગયો? એણે ક્યાંક પુસ્તકમાં વાંચ્યું હતું કે આવા અચાનક ફેરફારો ગાંડપણની આગાહી કરે છે!

આ તિલકા પણ ગાંડી થઈ જશે તો દુનિયા આખી એને હસશે!

તે હાથ ધોઈને એકદમ ઊભા થઈ ગયા. 'તને બતાવવાનું તો હું ભૂલી ગયો' તે પ્રેમથી બોલ્યા : 'આપણા ફોટા આવ્યા છે!' તે બહાર જઈને કોટના ખિસ્સામાંથી ફોટા લઈ આવ્યા.

પણ તિલકાએ તો તેની સામે પણ જોયું નહિ !

મોતીરામને આ ફેરફારનું મૂળ સમજાયું નહિ.

એટલામાં ત્યાં ફળીમાં રહેનારી કાળવી કૂતરી બારણે આવી ચડી. મોતીરામને નવાઈ લાગી. તિલકા આ કૂતરી સામે જોઈ રહી હતી. એમને લાગ્યું કે ખરેખર ! આ તો ગાંડપણની શરૂઆત લાગે છે. તેની પછવાડે ચાર નાનાં ગલૂડિયાંની લંગર લાગી હતી. એટલામાં તો 'બિચારા !' એમ બોલીને તિલકા તરત ત્યાંથી ઊભી થઈ ગઈ.

મોતીરામને એની વાતમાં કાંઈ સમજણ પડી નહિ. કૂતરીનાં ચાર ગલૂડિયાં તરફ જોઈને એમને કાંઈક સાંભરી આવ્યું હોય તેમ બોલ્યાઃ 'આની ભેગાં બે બીજાં બચ્ચાં કોનાં આવ્યાં છે ? આ પણ આખા મલકનાં ભેગાં કરે છે !' તિલકા મોતીરામને જવાબ આપતી હોય તેમ ધીમેથી બોલીઃ 'હું પશુમાંથી પણ ગઈ એમ ?'

'શાની વાત છે ?' મોતીરામે ઉતાવળે પૂછ્યું.

'આ બધાં બચ્ચાં આનાં નથી, એ તમને ખબર છે ?'

મોતીરામને નવાઈ લાગી. તેણે વાત આગળ વધારવા માટે જ કહેવાની ખાતર કહ્યું : 'ના.'

'ત્યારે જુઓ. પેલી આપણી લાલ કૂતરી બે દિવસ પહેલાં, મોટરમાં આવી ગઈ ! અને એના કુડદેકુડદા થઈ ગયા !'

'અરર ! પણ એને તો બિચારીને બે બચ્ચાં હતાં !'

'તે બે દિ તરફડતાં રહ્યાં. રોતાં ફર્યાં. ત્રીજે દિવસે આ કાળવીએ પોતાનાં બે બચ્ચાં સાથે એમને પણ જાળવી લીધાં છે ! આજ બે દિવસ થયા હું એ જ જોયા કરું છું. એનાં બચ્ચાં પેલી મરેલી માનાં બચ્ચાંને લડે છે, તો આ પક્ષ, નમાયાંનો ખેંચે છે ! અને આ તો પશુ છે ! મને લાગે છે. મને આ આખું ફળી જાણે એકલી બેઠી હોઉં ત્યારે ઠપકો આપે છે ! તું પશુમાંથી પણ ગઈ ?' અને તિલકા રોટલો લાવીને પેલાં બચ્ચાં પાસે ભૂકો કરવા બેસી ગઈ. મોતીરામ એ જોઈ રહ્યો. એટલામાં તિલકાની આંખમાંથી દડદડ આંસુ પડવા માંડ્યા. તે પોતાના પાલવથી આંસુ લો'તી બોલી : 'તમારે મને પશુમાંથી પણ કાઢવી ન હોય તો ગોપાળને તેડાવી લ્યો ! આ તમામ વૃક્ષો ને વેલી ને ફળી પણ જાણે મને કાંઈક કહી રહ્યાં હોય તેવું લાગે છે ! હું પશુથી પણ નપાવટ થઈ ગઈ એમ ?'

મોતીરામ તો વાતનો આવો અંત જોઈને એક પળભર સ્તબ્ધ જ થઈ ગયો !

એટલામાં તિલકા બોલી : 'તમે ગોપાળને બોલાવવાનું કરશો તે પછી જ મારે ઘી ખપે તેમ છે !

'આ પશુને કોણ કહેવા આવ્યું હતું કે તું નમાયાંને સંભાળી લેજે ! એને કોણે કહ્યું, કહો ?'

'અરે ! આવી વાતમાં તે શું જીવ રાખે છે ?' મોતીરામ બોલ્યા.

'તમે મને પેલી વાત કહી હતી તે મને સાંભરે છે. પેલા એક સાધુ હિંદ છોડી જતા હતા ત્યાં ત્રણ નમાયાં કૂતરાનાં બચ્ચાંને જોઈને, પોતાના અંચળામાં એમને રાખી લીધાં. એ કોની વાત છે ?'

'એક સાધુ હતા. અતીશા એનું નામ.'

'એ હૃદય કેવું હશે ? જેણે પેલાં ત્રણ નમાયાં બચ્ચાંને પોતાનાં કરી લીધાં !

દેખાવમાં સરખા હોય તો પણ
એમાં જમીન આસમાન નો ફરક હોયછે
શૂન્ય માં આપણી એકલતા હોય છે
અને
વર્તુળમાં આપણા સ્નેહીઓ

●●●

કૃષ્ણ મદદ નથી કરતા...
કેમ કે કૃષ્ણ જેના પક્ષમાં હોય
આખી સૃષ્ટિ એની મદદ કરે છે...

# છોડી દેવું

છોકરાઓ મોટા થઇ
સ્વતંત્ર પણે નિર્ણય લેતા થાય
તો એમની પાછળ પડવાનું
છોડી દેવું

થોડાક જ લોકો સાથે ઋણાનુબંધ
હોય, એકાદાથી ન જામે
તો શું બગડી જવાનું
છોડી દેવું

આપણા હાથમાં કાંઇ નથી
એ અનુભવે સમજાય તો
બીજાની અને ભવિષ્યની ચિંતા
છોડી દેવી

ઇચ્છાઓ અને ક્ષમતા વચ્ચે
વધુ અંતર પડવા લાગે તો
પોતાનાથી જ અપેક્ષા કરવી
છોડી દેવી

પ્રત્યેકનું જીવન ચરિત્ર અલગ
આકાર, રંગ, બધું જ અલગ
એટલે કે, તુલના કરવાનું
છોડી દેવું

જીવને અનુભવોનો ખજાનો
આપી, 'સંપન્ન કર્યા પછી'
રોજ જમા ખર્ચની ચિંતા કરવી
છોડી દેવી

સમજાય તો ઠીક છે
નહીં તો 'આ વાત' પણ
છોડી દેવી.....



# રિવ્યૂ-બુક



☐ દક્ષા પટેલ

અમોલે કાંડાઘડિયાળમાં સમય જોયો. સમય પૂરો થવામાં હતો. ચિત્રપ્રદર્શનનો આજે પાંચમો દિવસ હતો. અમિતાને કહ્યું, 'આજે રિવ્યૂ-બુક સાથે લેવાનું ભૂલતી નહીં.' ઘરે પહોંચી ઝડપથી વાંચવાની તેને ઉતાવળ થઈ. લગ્નના ચાર વર્ષમાં અમિતા બદલાઈ છે. દરિયાની જેમ તોફાને ચઢતી અમિતા રહી જ નથી.

પોતે વેપારી માણસ છતાં તેને સમજાતું કે મનમાં વિચારો ચિત્રમાં રજૂ થતાં હોય છે. ચિત્રો અમિતા વિશે કંઈક કહેશે. પણ તેને બધાં ચિત્રો એકસરખાં જ લાગતાં. બધાંમાં દરિયો, કિનારો, રેતી... કદાચ રિવ્યૂ-બુક તેના દરિયા જેવા અગાધ મનને જાણવાની લિપિ બને !

ઘેર પહોંચતા જ રિવ્યૂ-બુક લઈ સીધો બેડ-રૂમમાં જતો રહ્યો. અમિતાના મનની તે બાતમીદાર. ચાર દિવસ પહેલાં જ મુંબઈની જાણીતી આર્ટ ગૅલેરીમાં તેનાં ચિત્રોનું પ્રદર્શન ખુલ્લું મુકાયેલું.

રિવ્યૂ-બુક ખોલી. પહેલા પાને મરોડદાર અક્ષરોમાં તારીખ, વાર, સમય, સ્થળ અને વિષય લખેલાં હતાં. વાંચતાં જ ઉદ્‌ઘાટન-પ્રસંગમાં પહોંચી ગયો. દેશભરમાં જાણીતા એવા મુંબઈના ચિત્રકારે ઉદ્‌ઘાટન કરેલું. જાણીતા ચિત્રકારો, ફોટોગ્રાફરો ખાસ પધારેલા. ફાઈન આર્ટ્‌સના પ્રોફેસરો, વિદ્યાર્થીઓ, સાહિત્યના અને બિઝનેસના જાણીતા ઘણા આવેલા. સગાંસંબંધીઓ અને મિત્રો તો ખરા જ !

રેશમની લાલ રિબનની ગાંઠ છોડી પ્રદર્શન ખુલ્લું મુકાયું કે ગૅલેરીમાં તાળીઓનો દરિયો વહેવા લાગ્યો. પોતે આનંદની ચરમસીમાએ હતો. આવેલાં બધાં અમિતાના મનને તાગવા માગતાં હોય તેમ દરેક ચિત્રને ધ્યાનથી જોતાં હતાં. ઘડીક સાવ નજીક જઈને તો ઘડીક થોડા દૂર ઊભાં રહીને જાણે ચિત્રોને વાંચતાં હતાં. જતાં પહેલાં રિવ્યૂ-બુકમાં લખતાં હતાં.

પાનું ફેરવ્યું. ઈન્વિટેશન કાર્ડ ચોંટાડેલું છે. બહું જતનથી આલાગ્રાન્ડ કાર્ડ બનાવડાવેલાં. કાર્ડમાં એક બાજુ અમિતાનો આર્ટિસ્ટિક ફોટો, સામે બાજુ તેના ચારેક ચિત્રોના ફોટા અને સાથે અમિતાનું લખાણ. કોઈને પણ સાચવી રાખવું ગમે, પોતાના ડ્રૉઈંગરૂમમાં મૂકવું ગમે તેવું સરસ. ફરી ફરી કાર્ડ ધ્યાનથી જોયું, વાંચ્યું. અમિતાના ફોટાને જોઈ રહ્યો. ફોટાના બૅકગ્રાઉન્ડમાં છે ઊછળતો દરિયો. અમિતાને શોધવા આમતેમ નજર ફેરવી. કદાચ બાલ્કનીમાં હશે.

દરિયાકિનારા પરનો રાચરચીલાવાળો આલીશાન ફ્લૅટ, ફ્લૅટના ચારે રૂમ અલગ અલગ થીમવાળા છતાં અમિતા બાલ્કનીમાં જ બેસે છે. બપોરે ઓફિસથી ફોન કરે ત્યારેય બાલ્કનીમાં જ હોય. દરિયાને સાંભળતી ઊભી હોય. કોઈક વાર મોડી રાતે પથારીમાં ના હોય તો જાણે દરિયાકાંઠે બેઠી હોય એમ બાલ્કનીમાં હોય !

લગ્ન પછીના તરતના વર્ષમાં મોડી સાંજે તે ઘરે આવે અને બારણું ખોલતાં જ તે દરિયાની ભરતીની જેમ ફરી વળે. ઊછળતાં મોજાંઓ જેવી તેની પાસે પાસે ફરે, ખેંચીને બાલ્કનીમાં લઈ જાય. પોતે બાજુમાં ઊભો ઊભો દરિયાને તાકે પણ નર્યા અંધારાની કાળી દીવાલે અથડાઈને નજર પાછી ફરે.

તે અંધારામાં આગળી ચીંધી દૂર દેખાડતાં કહેતી, 'જો... જો... અમોલ ! મોટાંમોટાં મોજાં ધસમસતાં આવી રહ્યાં છે... આ... આવી ગયાં. કિનારા પર રેલાઈ ગયાં, રેતીને ભીની કરી દીધી, જો... જો... રેતીને પોતાની સાથે વહાવી પાછાં વળ્યાં...' આમ બોલતાં બોલતાં જોરથી તેનો હાથ પકડી લેતી, ઘણી વાર ઉન્માદથી તેને વળગી પડતી, ક્યારેક દરિયાને જોતી હોય એવી મુગ્ધતાથી તેને જોઈ રહેતી.

રિવ્યૂ-બુકનું પાનું ઉથલાવ્યું. ઉદ્‌ઘાટન કરનાર ચિત્રકારે લખેલું, 'અભિનંદન, દરિયાનો ઉન્માદ, દરિયાનો તલસાટ રંગોથી આબેહૂબ વ્યક્ત થયા છે.'

બાજુના પાન પર વંચાયું... 'દરિયાનાં વિવિધ રૂપો, દરિયાની સમય સમયની અવસ્થા ખૂબીથી કૅનવાસ પર ઉતારી છે. પૂનમની રાતનો મિલન માટેનો ઉતાવળિયો...અધીરો દરિયો પરાકાષ્ઠા વટાવી ગયો છે... અભિનંદન...'

તેણે આંખ બંધ કરી ઊંડો શ્વાસ લીધો. અમિતાની ઓળખાણ જયપુરની આર્ટગૅલેરીમાં થયેલી. ધંધાના કામ માટે ગયેલો. કામ પૂરું થયું, પણ સમય વધેલો. પાસે જ આર્ટગૅલેરી હતી. સમય પસાર કરવા ગયેલો. બાળકોનાં, બાળક અને માનાં ચિત્રો દોરેલાં હતાં. તેણે કોઈકને સહજ પૂછેલું, 'આર્ટિસ્ટ કોણ છે ?' ને સામેથી ઊંચી, સુંદર આંખોવાળી, સંવેદનશીલ છોકરી આવતાં જ બોલી, 'Myself Amita.'

જોતાં જ ગમી ગયેલી. તેનાં ચિત્રો પણ ગમી ગયેલાં. ચિત્રો જોતાં જ મા વગરનાં પોતાનાં બંને બાળકો મલય ને મેઘના યાદ આવી ગયાં. સીમા બહુ જ ટૂંકી બીમારીમાં અચાનક ગુજરી ગયેલી. ચાર વર્ષની મેઘના અને બે વર્ષના મલયની 'મા' બનવાનું તેને ફાવ્યું નહીં. ઘણી મુશ્કેલી પડતી. છેવટે સીમાની મમ્મી જ લઈ ગયેલી. દૂર હૉસ્ટેલમાં ભણવા મૂકી દીધેલાં.

તે ત્રણ દિવસ વધુ રોકાઈ ગયો. ગૅલેરી ખૂલે ત્યાંથી બંધ થાય ત્યાં સુધી ગૅલેરીમાં જ રહેતો. અમિતાને જોયા કરતો. છેલ્લા દિવસે દસબાર બાળકો ગૅલેરી પર આવ્યાં. અમિતા ઘડીક વારમાં બાળકોમાં ભળી ગઈ... તે તેમને બધાને જોતો રહ્યો. પ્રદર્શન મોડી સાંજે પૂરું

થયું. ચિત્રો ઉતારવામાં, પૅકિંગ કરવામાં તેના ભાઈને મદદ કરવા લાગ્યો. ચિત્રો સાથે તેનાં મમ્મી-પપ્પાને મૂકવા ઘેર પણ ગયો.

રિવ્યૂ-બુકનું પાનું ઉથલાવ્યું. વાંચવા લાગ્યો... 'દરિયો જાણે તમારામાં ભળી ગયો છે. તમે અને દરિયો એકાકાર થઈને પ્રગટ્યાં છો કૅનવાસ પર...'

અમિતા દરિયાને કૅનવાસ પર ઉતારી શકે, દરિયાને નિરાંતે જોઈ-માણી શકે, દરિયા સાથે જોડાઈ શકે તે માટે બે વર્ષ પહેલાં જ સાદી-સીધી મોટી બાલ્કનીને ઈન્ટીરિયર ડેકોરેટરને બોલાવી સજાવી છે. શહેરથી દૂર દૂર દરિયાકિનારે હોય તેવી લાલચટાક વિદેશી નળિયાંની છત, ગાદીવાળો હીંચકો, ગાદીનાં કવર ફૂલોની ભાતવાળાં, એક બાજુ ઘણાંબધાં ખાનાંઓવાળું લાંબું ટેબલ, ટેબલ ટૉપ પર મોટા મોટા શંખ, જાતભાતના દરિયાના પથરા, સિરામિક્સના વિવિધ આકારવાળા પાંચેક પૉટમાં પૅઈન્ટિંગનાં બ્રશ, નાઈફ, ઓઈલ, છીપલાંથી સજાવેલી ટ્રેમાં રંગોની ટ્યૂબ...

રિવ્યૂ-બુક પર નજર ફેરવી. કોઈકે લખેલું... 'પંચાવનની ઉંમર સુધીમાં દરિયો કદી જોયો નથી, પણ આજે ચિત્રો જોઈને સાચેસાચો દરિયો અનુભવ્યો છે... ખૂબ અભિનંદન.'

તેને તરત યાદ આવ્યું કે અમિતા પણ આમ જ કહેતી'તી. તેની સાથેની પહેલી વારની ઓળખાણના છ મહિના પછી એક દિવસે સવારે ફોન કરી અમિતાએ તેને તેના જ શહેરની જાણીતી આર્ટગૅલેરીમાં આવવાનું આમંત્રણ આપેલું. સમય કરતાં વહેલા પહોંચી ગયેલો. દૂરથી અમિતાને જોતાં જ સીમા યાદ આવી ગયેલી. સીમા જેવી જ ઊંચી, ઊજળી ને હસમુખી લાગતી'તી.

બીજા દિવસે આગ્રહ કરીને પોતાના ઘરે લઈ આવેલો. મોટી મોંઘી ગાડી મુંબઈની સેર કરતી દરિયાકિનારેથી પસાર થવા લાગી. તેણે તેનો હાથ પકડી લઈ ગાડી રોકવા કહ્યું. ગાડીનો કાચ ઉતારી દરિયો જોતી રહી... કહેવા લાગી, 'મારા શહેરમાં દરિયો નથી... તમારે તો ઘૂઘવતો દરિયો... હિલ્લોળાતો દરિયો... કેવો મજાનો લાગે છે ! દરિયો રાતે પણ જાગે છે કે શાંત થઈ જાય છે ? આખી રાત દરિયો શહેરની છબીને પોતાનામાં ઝીલી, સાચવીને જાગતો રહે છે ને ! દિવસ આખો પોતાના શહેરી લોકોને રઘવાયા થઈ દોડતા જોઈ રહેતો હશે ખરું ને ?' તે દરિયાની જ વાતો કરતી'તી. પોતે તેના ચહેરા પર છલકાતા આનંદના દરિયાને ચૂપચાપ માણી રહેલો.

પાછી ગાડી દરિયા સાથે દોડવા લાગી. દરિયાકિનારે ઊભેલા પંદરમાળીયા ફ્લૅટના પાર્કિંગમાં ત્યાંથી દરિયાકિનારે રમતાં બાળકો, ચાલતા-ફરતા વૃદ્ધો, ખૂમચાવાળા, ફુગ્ગાવાળા એમ ઘણાબધા દેખાતા હતા. અમિતા સાથે ઊભા રહીને પોતે પણ નવેસરથી જોવા લાગ્યો. લિફ્ટ દસમા માળે ઊભી રહી. વિશાળ ફ્લૅટમાં જાહોજલાલીનો દરિયો છલકાઈ રહેલો. તે વિસ્મયથી જોઈ રહી. તરત પૂછ્યું, 'બાલ્કની ક્યાં છે ? ચાલો દરિયા પાસે બેસીએ.'

તેણે રિવ્યૂ-બુક બંધ કરી. યાદ કરવા લાગ્યો કે અમિતાને પોતાનાં બંને બાળકોના ફોટા બતાવી, લગ્નની વાત કરેલી ત્યારે કેવી મૂંઝાઈ ગયેલી ?! જાણે ઓચિંતા ધસી આવેલાં મોટાં મોટાં મોજાંએ તેને ગૂંગળાવી દીધી હોય... પણ સ્વસ્થ થઈ મલય-મેઘના સાથે જોડાઈ ગઈ. વેકેશનમાં મલય-મેઘના ઘરે આવ્યાં ને આખેઆખો દરિયો ઘરમાં ફરી વળ્યો. ત્રણેની ધમાલમસ્તીની રીતસરની ભરતી ચઢી. વેકેશન પૂરું થતાં જ ભરતી ઓસરી ગઈ. બાળકો દૂર દૂર હૉસ્ટેલમાં પહોંચી ગયાં. અમિતાએ ઘરે પાછા લાવવાનો વારંવાર આગ્રહ કર્યો. છેવટે દરિયામાં જીવ પરોવી દીધો.

તે ફરીવાર રિવ્યૂ-બુક પહેલેથી જોવા લાગ્યો. ત્રીજા પાના પર અટક્યો. અમિતાનું લખાણ હતું, 'મારા દરિયાના મારાં વહાલાં બાળકો.' નીચે ચોંટાડેલા બાળકોના ફોટોગ્રાફ્સ ધ્યાનથી જોવા લાગ્યો. દરિયાકિનારે રેતીમાં ઘર બનાવતાં નાનાંમોટાં ત્રણ બાળકો, સાંકળ બનાવી દોડતાં ત્રણ બાળકો ને ઉપર મેઘધનુષ ને ભીની રેતીમાં પગલી પાડતાં ત્રણ બાળકો. મોટાં બે બાળકો પર વહાલથી હાથ ફેરવ્યો જાણે મલય-મેઘના. પણ બંનેની આંગળી પકડી વચ્ચે ચાલતું સાવ નાનું ત્રીજું બાળક કોણ ?

તેણે બાળકનો ફોટો ધ્યાનથી જોયો. કેવું મીઠું હસી રહ્યું છે ! તેની પાણીદાર આંખો, લાંબું અણિયાળું નાક અને વાંકડિયા વાળ મોટાં બંને બાળકો જેવાં જ હતાં. કદાચ ત્રણ ભાઈબહેન હશે ! આમ વિચારતાં જ અમિતાની માંગણી ઘૂઘવતા દરિયાની જેમ ઘૂમરાવા લાગી.

તે દિવસે પૂનમ હતી. લગ્નનાં ત્રણ વર્ષ પૂરાં થવામાં હતાં. તોફાને ચઢેલા દરિયાની જેમ અમિતા તેને વળગી પડેલી અને બાળકની ઈચ્છા કરેલી. પણ પોતે એકાદ ક્ષણ ગુમાવ્યા વગર જ કહી દીધેલું, 'એવી ઈચ્છા કરતી જ નહીં, 'એ શક્ય નથી.' બસ તે રાતથી જાણે દરિયો ધીમે ધીમે શાંત થતો ગયો, ખસતો ખસતો ઊંડે ચાલી ગયો, પટ મોટો ને મોટો કરતો ગયો.

રિવ્યૂ-બુકનું છેલ્લું લખાણ વાંચવા લાગ્યો, 'દરિયાનો ખાલીપો ભરવાની મથામણ પ્રશંસનીય છે. ભરી દીધો છે વેદનાની પીંછીના ગ્રે રંગથી.'

રિવ્યૂબુક બંધ કરી. ડાઈનિંગ ટેબલ પર રાહ જોઈ રહેલી અમિતાને ધારીને જોઈ રહ્યો. સાવ કોરો સપાટ ચહેરો. ઉદાસ આંખો. તેને ડૂમો ભરાઈ ગયો. આંસુ આવી ગયાં. થોડી વારે સ્વસ્થ થઈ ઢસડાતે મને બહાર ગયો. માંડ માંડ જમ્યો. મન વારે વારે બળવો પોકારી રહ્યું છે. અંદર અફાટ દરિયો ઊછળી રહ્યો છે. પલંગમાં આસમાની ગાઉન પહેરી આડી પડેલી અમિતાને જોઈ પૂનમનો દરિયો ઘૂઘવવા લાગ્યો. તે આવેગથી તેના ચહેરા પર ઝૂક્યો, તેના ગાલ ચૂમ્યા અને બાજુમાં લંબાઈ ગયો. રોજની જેમ આખી રાત દરિયો જાગતો રહ્યો... સાવ શાંત ઉદાસીન...

✱✱✱

# કપરા સંજોગોમાં કોઈ સ્વજન પડખે ઊભું રહે તો...

## આપણે પણ કોઈના માટે એવા બનીએ તો જીવન પ્રેમમય, સત્ત્વસમૃદ્ધ ને શીતળતા બક્ષનારું બની રહે

સુશાંત કંઈક વિશેષ અંતર્મુખ-અતડા સ્વભાવનો. ને તેની પત્ની સુષમા પ્રેમાળ, સરળ, વહેવારુ અને લાગણીશીલ. મધ્યમવર્ગીય પરિવાર એટલે એમને કૂદકે ને ભૂસકે વધતી મોંઘવારી પીડે એ સ્વાભાવિક વાત. છેલ્લા કેટલાય સમયથી સુશાંતના બોસે એના પગારમાં વધારો ન કરતાં પરિસ્થિતિ વધુ નાજુક બની હતી. પોતાના સ્વભાવને લઈને સુશાંત પગાર વધારા માટે બોસને કહી શકતો નહોતો ને મનોમન દુઃખી થતો હતો.



પણ હવે તેની ધીરજની હદ આવી ગઈ હતી એટલે 'ફાઈવ-ડેઝ-ઈન-અ વીક' ઓફિસમાં શુક્રવારે બોસ પાસે જઈ, પગાર વધારા માટે વાત કરવાનો તેણે પાકો નિર્ધાર કર્યો. તેણે સુષમાને પણ પોતાના નિર્ણયની વાત કરતા કહ્યુંઃ 'ડાર્લિંગ, આજે તો બોસ પાસે પગાર વધારાની માગણી અચૂક મૂકીશ. આમ ક્યાં સુધી મોં ફાડી રાહ જોયા કરવાની?'

સુશાંત ઓફિસે પહોંચ્યો. દિવસ દરમિયાન કામ કરતો રહ્યો. પરંતુ તે સતત ચિંતિત, અસ્વસ્થ રહ્યો અને બોસ સામે માગણી કરીશ તેનું શું પરિણામ આવશે એ વિશે આશંકિત રહ્યો. ઢળતી સાંજે હિંમત એકઠી કરીને તે બોસ સમક્ષ પોતાની વાત પ્રસ્તુત કરવા પહોંચી જ ગયો. ખૂબ સંયમ અને પૂર્ણ વિનમ્રતાથી તેણે પોતાની માગણી રજૂ કરી. તેના બોસે તેને પગારવધારો આપવાની હા પાડતા સુશાંત ખૂબ ખુશ થઈ ગયો-જાણે વાદળની સવારી કરીને સાતમા આસમાને પહોંચી ગયો ન હોય?

સુશાંત ઘરે પહોચ્યો તો તેણે જોયું કે ડિનરટેબલ સુંદર-સુઘડ રીતે સજાવેલું હતું, નવો ક્રોકરી સેટ ગોઠવાયેલો હતો, કેન્ડલસ્ટેન્ડ પરની મીણબત્તી સૌમ્ય પ્રકાશ રેલાવી રહી હતી. આજના સારા સમાચારને વધાવવા સુષમાએ તેની મનપસંદ વાનગીઓ બનાવી હતી. સુશાંતને થયું કે કદાચ ઓફિસમાંથી કોઈએ પગારવધારાના શુભ સમાચાર આપી દીધા હોય તેથી કદાચ આ સઘળું... તે સીધો રસોડામાં સુષમા પાસે પહોંચ્યો, તેને વહાલ કર્યું અને પગારવધારાના સમાચાર આપ્યા. ત્યારબાદ તે ડાઈનિંગ ટેબલ પર જમવા ગોઠવાયો. ટેબલ ઉપર ફૂલોનાં ચિત્રોવાળું એક રૂપકડું કાર્ડ મૂકેલું હતું, જેમાં લખ્યું હતુંઃ મને હતું જ કે તમને પગારવધારો મળશે, સુશાંત. આ સજાવેલું ડાઈનિંગ ટેબલ, કેન્ડલ્સ, ચમકતી ક્રોકરી અને મિષ્ટ ભોજન તમને એ કહેવા માટે છે કે 'હું તમને ખરા દિલથી ચાહું છું. આઈ લવ યુ, ડિયર!'

> રોજ ફક્ત એક જ માણસને તમે સુખી કરો; ૪૦ વર્ષમાં તમે ૧૪,૬૦૦ માણસોને સુખી કર્યા હશે!

સુષમા આગ્રહ કરીને સુશાંતને જમાડતી હતી. છેલ્લે તે સ્વીટ ડિશ લેવા રસોડામાં જઈ રહી હતી ત્યારે તેની જાણ બહાર તેના એપ્રનના ખિસ્સામાંથી એક કાર્ડ નીચે પડી ગયું. સુશાંતે બોલ્યા વગર એ કાર્ડ ઊંચકી લીધું. અને તેની અંદરનું લખાણ વાંચતાં તેની આંખો સજળ બની ગઈ - તે ભાવુક થઈ ગયો. કાર્ડમાં લખ્યું હતુંઃ 'પ્રિય સુશાંત, પગારવધારો ન મળ્યો એનો કોઈ વસવસો ન કરશો. આ બધી જ સજાવટ એ કહેવા માટે છે કે રોજિંદા જીવનમાં ક્યારેક સફળતા મળે કે વિફળતા, હું તમારી સાથે છું અને તમને ચાહું છું. આપણો પ્રેમ સંપૂર્ણ સ્વીકારનો છે. આપણો પ્રેમ સાફલ્યનો મોહતાજ નથી, કેમ કે તે બિનશરતી છે!'

૦૦૦

આખું જગત જાકારો આપતું હોય ત્યારે આપણું એકાદ સ્વજન આપણી પડખે ખડુ હોય, જે આપણને જેવા છીએ એવા સ્વીકારે, આપણામાં ભરોસો કરે, આપણને ચાહે, આપણી સાથે અડીખમ ઊભે ને આપણને હૂંફ બક્ષે તો આપણી જીવનસફર સલુણી બની રહે, આપણે ઊંચા ને ઊંચા શિખરો સર કરી શકીએ.

આપણે પણ કોઈના માટે એવા બનીએ, તેને ચાહીએ. સફળતા કે વિફળતામાં, કોઈ ઉતાર-ચઢાવ વગર, તો જીવન કેવું પ્રેમમય, સત્વસમૃદ્ધ ને શીતળતા બક્ષનારું બની રહે!

# ગૌરવવંતુ ગામ લીંબડી




સંધ્યા શાહ

અમદાવાદ, રાજકોટ અને ભાવનગરથી લગભગ સમાન અંતરે વસેલું લીંબડી આપણા સાંસ્કૃતિક વારસામાં અગત્યનું સ્થાન ધરાવે છે.

જે પાવન ધરા ઉપર કવિવર રવીન્દ્રનાથ ટાગોર અને સ્વામી વિવેકાનંદજીના પગલા અંકિત થયા છે. દેશપ્રેમી સરદારસિંગ રાણા અને વીર રજબઅલીની જે જન્મભૂમિ છે તે લીંબડી ઈતિહાસ, પુરાતત્વ, રાષ્ટ્રીય ચળવળ, સંતો અને સાહિત્યકારો થકી ગૌરવશાળી બન્યું છે.



*ગ્રીન ચોક*

મધ્યકાળથી આ ગામના સગડ મળતા રહ્યા છે. ઈ.સ. ૧૫૬૦માં વૈષ્ણવાચાર્ય શ્રી વિઠ્ઠલનાથજીની 'દ્વારકાયાત્રા' માં લીંબડીનો ઉલ્લેખ જોવા મળે છે. ત્યાર પછી ૨૦૦ વર્ષે લીંબડી રાજધાની બની. ઝાલા વંશના રાજાઓ હરપાલસિંહજી તથા વંશજોનું અહીં શાસન હતું. શિક્ષણ, ખેતી અને આરોગ્ય ક્ષેત્રે અહીં ઉત્તમ કાર્યો સંપન્ન થયાં છે.

મુંબઈની લેજીસ્લેટિવ કાઉન્સિલના સભ્ય જશવંતસિંહજી સૌરાષ્ટ્રમાંથી વિદેશની ધરતી પર પગ મૂકનારા પહેલા રાજવી હતા. સર જશવંતસિંહજી હાઈસ્કૂલ ભારતભરમાં નમૂનેદાર શાળા હતી. ૨૦ મી સદીનો પૂર્વાર્ધ લીંબડીનો સુવર્ણસમય ગણાય છે. લીંબડીની ગાદીએ વિરાજેલા દોલતસિંહજી સાહિત્ય, સ્થાપત્ય, કળા અને અધ્યાત્મમાર્ગના યાત્રી હતા. લીંબડીમાં ઉત્તમ બાંધકામ, ચોખ્ખા રસ્તાઓ, રસ્તાઓ પર વીજળીની બત્તીઓ મૂકાવનાર આ રાજવીએ સમાજ સુધારણા કાજે દારૂબંધી, બાળલગ્ન પર પ્રતિબંધ, ભીખ માગવા પર પ્રતિબંધ, મૃત્યુ પછીના વિધિવિધાન પર પ્રતિબંધ મૂક્યો હતો. કવિવર ટાગોર તેમની આધ્યાત્મિક સાધનાથી પ્રભાવિત થયા હતા. શાંતિનિકેતનના કલાભવનના નિર્માણ માટે લીંબડીની પ્રજાએ હોંશે હોંશે ફાળો આપ્યો છે. શાંત, સૌમ્ય, સૌજન્યશીલ પ્રજાએ પોતાનો રાષ્ટ્રપ્રેમ પણ ઈતિહાસની તવારિખમાં અંકિત કર્યો છે. રાજા દોલતસિંહજી નિવૃત્ત થયા ને તેમના યુવરાજ ગાદીએ આવ્યા. તેમની વહીવટી કામગીરીથી પ્રજાને અસંતોષ થયો. રાજા અને પ્રજા વચ્ચે જે સંઘર્ષ થયો તે લડતની ઈતિહાસમાં નોંધ લેવાઈ - હજારોની સંખ્યામાં લોકોએ લીંબડીથી હિજરત કરી. અમારો પરિવાર પણ ત્યારેજ લીંબડીથી સુરેન્દ્રનગર આવ્યો. જોકે મારા પિતા શાંતિલાલ ચત્રભુજ શાહને એ વાતનું ખૂબ ગૌરવ રહ્યું કે તેઓ 'લીંબડીવાળા' છે.

લીંબડીમાં ૧૪૫૨માં લોકાશાહે સ્થાનકવાસી જૈન સંપ્રદાયની સ્થાપના કરી. માનવતાનું મીઠું જગત રચનારા નાનચંદ્રજી મહારાજ, સંતબાલજી, અજરામરજી સ્વામી, સ્વામી આનંદ, સંતકવિ અરજણ, પ્રીતમ, મીઠો, કુંદનિકા કાપડિયા, નવલકથાકાર વિષ્ણુકુમાર મહેતા, અબ્બાસ અલી સૈયદ, કવિ માધવ રામાનુજ, રમેશ આચાર્ય.... સંતો અને સાહિત્યકારોની સાથે સાથે પત્રકાર શ્રી અમૃતલાલ શેઠનો ઉલ્લેખ તો કરવો જ રહ્યો. ઝાલાવાડી સભાના પૂર્વ પ્રમુખ સોલિસીટર





*ટાવર બંગલો*

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, શ્રી ભગવાનદાસ હરખચંદ, શ્રી કંચનલાલ તલસાણિયા, શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ, શિક્ષણવિદ્ શ્રી મધુરીબેન શાહ, શ્રી ગિજુભાઈ શુક્લ, શ્રી લાભુભાઈ આચાર્ય, શ્રી રસિકભાઈ પરીખ, શ્રી નાનજી ડુંગરશી શેઠ, સંઘવી પરિવાર કેટકેટલાં નામ ગણાવી શકાય.

સર જશવંતસિંહજીની શાળામાં સાહસિકો, ઉદ્યોગપતિઓ, ડૉક્ટરો, સોલિસીટર્સ અને લીંબડીનું નામ રોશન કરનારા અનેક મહાનુભાવોએ શિક્ષણ લીધું હતું. ગામડાના વિદ્યાર્થીઓ પણ ભણી શકે તે માટે લીંબડીમાં અનેક બોર્ડીંગ ઊભી કરવામાં આવી હતી. મારા દાદા ચત્રભુજ નાનચંદ શાહ આ બોર્ડીંગમાં શીખવતા હતા. વિદ્યાધામ બનેલું લીંબડી આરોગ્યની બાબતમાં પણ અનુપમ હતું. રામરાજેન્દ્રસિંહજી હોસ્પિટલ તેમાં સુચારુ વહીવટ માટે, તબીબી સેવા માટે વિખ્યાત હતી.

પુરાતત્વ ક્ષેત્રે પણ લીંબડીનું પ્રદાન છે. લીંબડીથી રંગપુરની પાકી સડકનું કામ ચાલતું હતુ તે વેળાએ ખોદકામ કરતા સહુ પ્રથમ હડપ્પાકાલીન અવશેષો મળી આવ્યા. રાજા દોલતસિંહજીએ કામ થંભાવી સરકારને જાણ કરી, પુરાતત્વવિદોને બોલાવી પદ્ધતિસરનું ઉત્ખનન કરાવ્યું હતું. રંગપુરની શોધના અનુસંધાનમાં જ ૧૯૫૪માં લોખંડની શોધ થઈ. રાજા છત્રશાલજી અહીંના અંતિમ શાસક રહ્યા.



*શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ સેનિટોરિયમ*

લીંબડીનો ભવ્ય ભૂતકાળ અનેક વડીલોના હૈયે અંકિત થયેલો છે, પણ વર્તમાન સમયમાં ઉદ્યોગોના અભાવે લીંબડીની રોનક ભૂંસાઈ ગઈ છે. લીંબડીથી બહાર વસી ગયેલા ઉદ્યોગપતિઓ-વેપારીઓ કે વિવિધ ક્ષેત્રના મહારથીઓ ધારે તો લીંબડીને પૂર્વવત્ રોનક આપી શકે...

(લીંબડી વિશેની પુરક વિગતો માટે શ્રી વિપુલભાઈ ડેલીવાળા, શ્રી રમણીકભાઈ દવેની આભારી છું.)

## મારી માતાની સામાન્ય વાતો

**રમેશ આચાર્ય**



આજે 'મધર્સ ડે' નથી,
કે નથી મારી માતા અસામાન્ય સ્ત્રી
કે હું તેનાં ગુણગાન ગાઈ શકું.
એ તો છે વિશ્વની
અબજો સામાન્ય સ્ત્રીઓ જેવી
સામાન્ય સ્ત્રી.
એ કંઈ શિવાજીની માતા
જિજાબાઈ
કે
ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ જેવી
અસામાન્ય સ્ત્રી નહોતી.
એણે તો મને લીંબડીના રાણી તળાવને કાંઠે
ઊગેલા કેરડા ઉપર તેના કાંટા ન વાગે તેમ,
કપડાં સૂકવતા તેની દેશી વાણીમાં
આદર્શ શિક્ષકની જેમ અસરકારક રીતે શીખવ્યું.
અજાણી વાણી
અને અજાણ્યા પાણીનો
ભરોસો ન કરાય.
તે નદી કે તળાવના કાંઠે બેસી
છબછબિયાં કરાય :
તે મને તેના નિદર્શન સાથે શીખવ્યું.
શરદી, કફ અને ઉધરસ થઈ હોય
અને શ્વાસ લેવામાં પણ તકલીફ થતી હોય
ત્યારે રાતે પલાળેલો અજમો
સવારે ચૂલાના દેતવામાં
માટીની ઠીકરી નાખી કરેલી
ગમ ઠીકરીથી ઝામીને પિવાય.
મને શરદી, કફ અને ઉધરસ છે,
શ્વાસ લેવામાં પણ તકલીફ છે.
મા, મારી સામાન્ય માતા,
તારું ઝામેલા અજમાનું પાણી
આજે યાદ આવતું.
તું, કેવળ તું જ,
મારા શ્વાસોચ્છ્વાસ ચાલતા રાખ, તું.

# વંદના

□ ડૉ. કેયૂર જાની

ફેબ્રુઆરી ૨૦૦૭નો સમયગાળો. વડોદરાથી ૫૦ કિ.મી. દૂર આવેલું ૩૦ હજારની વસ્તી ધરાવતું એક ગામ, જ્યાં ૮૦ વર્ષના એક વૃદ્ધ સ્થાનિક ડોક્ટરો પાસે કેન્સરની સારવાર કરાવી રહ્યા હતા. કેન્સર જેવી બીમારીનો ઈલાજ સ્થાનિક તબીબોના ગજા બહારની વાત હોવાથી ફેમિલી ડોક્ટરે વૃદ્ધને ચેન્નાઈની પ્રસિદ્ધ ‘અડયાર કેન્સર હોસ્પિટલ’માં ઈલાજ માટે જવા સલાહ આપી અને વૃદ્ધની સારવાર માટે ડોક્ટર દ્વારા તમામ ગોઠવણ અહીંથી જ ફોન કરીને કરી આપવામાં આવી.



એક મહિનો ચેન્નાઇ રહી અને સારવાર કરવાની હતી, જેથી બે પુત્રોમાંથી કોઈ એક મહિનો સાથે જઈ અને રહી શકે તેમ ન હોવાથી વૃદ્ધ પોતાની ૭૫ વર્ષની પત્નીને સાથે લઈને ચેન્નાઇ સારવાર કરાવવા નીકળ્યા. ચેન્નાઇ ટ્રેન પહોંચતા પાંચ કલાક મોડી પડી અને રાત્રે નવ વાગે ચેન્નાઇ ઉતરી અને વૃદ્ધ દંપતી રિક્ષા દ્વારા કેન્સર હોસ્પિટલ પહોંચ્યું. રિક્ષાથી રાત્રે દસ વાગ્યા પછી હોસ્પિટલના કેમ્પસમાં પહોંચેલા વૃદ્ધાએ પૈસા ચૂકવી અને પતિને ‘નીચે ઉતરો હવે’ તેમ કહ્યું ત્યારે જોયું કે પતિનો દેહ નિશ્ચેત છે. વૃદ્ધા ગભરાયા અને દોડીને હોસ્પિટલમાં ગયા, ત્યાં ચેન્નાઇમાં ભાષાની ભારે તકલીફ પડી પણ વૃદ્ધાના ઈશારાઓથી ચેન્નાઇના ડોક્ટરો કંઈક સમજ્યા અને બહાર આવી વૃદ્ધને ચકાસીને જણાવ્યું કે, તેઓનો દેહાંત થઇ ચૂક્યો છે.

વૃદ્ધના મૃતદેહને રિક્ષામાંથી ઉતારી સ્ટ્રેચર ઉપર મૂકી દેવામાં આવ્યો. હોસ્પિટલમાં દર્દીને દાખલ કરી શકાય પણ મૃતદેહને નહીં એટલે હોસ્પિટલના કેમ્પસમાં જ સ્ટ્રેચર ઉપર મૃતદેહ મૂકી રાખવામાં આવ્યો. રાતે દસ વાગ્યા પછીનો સમય હતો. હોસ્પિટલનું ચોગાન પણ સૂમસામ હતું અને ૭૫ વર્ષની વૃદ્ધા ઘરથી ૧૮૦૦ કિલોમીટર દૂર પતિના મૃતદેહ સાથે અજાણ્યા મહાનગરમાં એકલી હતી, જ્યાં કોઈ તેની ભાષા સમજતું ન હતું કે તે કોઈની ભાષા સમજતી ન હતી. દરમ્યાન માઠા સમાચાર આપવા વૃદ્ધાએ ઘરે દીકરાને ફોન જોડ્યો. ઘરે અમંગળના સમાચાર મળતા પરિવારજનો ભાંગી પડ્યા પણ તેથી વધુ દુઃખ એ હતું કે ઘરથી આટલા દૂર પિતાના મૃતદેહ સાથે માતા એકલી તો હવે કરવું શું..!! સંબંધી અને આસપાડોસમાં સમાચાર વહેતા થયા અને લોકો એકત્રિત થવા લાગ્યા. તપાસ કરી પણ ટ્રેન કે વિમાન દ્વારા ચેન્નાઇ ચોવીસ કલાક પહેલાં પહોંચવું કે ત્યાંથી મૃતદેહ અહીં લાવવો બંનેમાંથી કાંઈ જ કોઈપણ રીતે શક્ય ન હતું. છેવટે ભીડમાં મોજુદ આધેડ વયના અશોકભાઈએ પોતાની રીતે પ્રયત્નો શરૂ કર્યા.

અશોકભાઈ વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાં ભણતા હતા ત્યારે ત્રીસ વર્ષ અગાઉ તેઓના ગ્રુપમાં વંદના નામની છોકરી હતી. તેના લગ્ન ચેન્નાઇ થયા હતા અને ત્યારે તેઓ તેના લગ્નમાં ગયા હતા તેવું યાદ આવતા અશોકભાઈએ પોતાના મિત્ર વર્તુળમાં રાતે અગિયાર વાગે ફોન જોડવાના પ્રયત્નો શરૂ કર્યા. લગ્ન બાદ વંદના સાથે કોઈ સંપર્ક ન હતો છતાં પાંચ-છ મિત્રોનો સંપર્ક કર્યા બાદ વંદનાના વડોદરા ખાતેના પિયરનો લેન્ડલાઈન નંબર મેળવી શકાયો. આ પ્રક્રિયા દરમ્યાન રાતના એક વાગી ગયો હતો. પરિવારના સભ્યો સતત ચેન્નાઇમાં પોતાની માતાના સંપર્કમાં હતા પણ ઉપરાઉપર ફોન ચાલુ રહેવાને કારણે ચેન્નાઇમાં વૃદ્ધાની મોબાઈલની બેટરી ઉતરી ગઈ અને સંપર્ક તૂટી ગયો.

અશોકભાઈએ રાતે એક વાગ્યા બાદ વંદનાના વડોદરા ખાતે પિયરના ઘરે ફોન કરી એક પ્રયત્ન કરવાનું ઠીક માન્યું. રાત્રે રિંગ વાગી તો કોઈક કિશોરીએ ફોન ઉપાડ્યો. અશોકભાઈએ વંદના વિષે પૂછતાં કિશોરીએ જણાવ્યું કે, ‘તે મારા ફોઈ છે અને ચેન્નાઇ જ રહે છે. તેઓની દીકરીનું પરમ દિવસે લગ્ન છે એટલે મારા પરિવારના તમામ સભ્યો ચેન્નાઇ ગયા છે. મારે માર્ચમાં બોર્ડની પરીક્ષા છે એટલે હું નથી ગઈ અને મારા બા અને હું અહીં જ છીએ.’

અશોકભાઈએ વંદનાનો ચેન્નાઇનો નંબર માંગતા મળી ગયો અને રાત્રે દોઢ વાગ્યાના અરસામાં ખચકાતા ખચકાતા અશોકભાઈએ વંદનાના મોબાઈલ પર ફોન કર્યો. બીજા દિવસે વંદનાની દીકરીનું લગ્ન હતું જેથી શું વાત કરવી અને કઈ રીતે કહેવું તે માટે અશોકભાઈ અવઢવમાં હતા ત્યાં વંદનાના પતિએ ફોન ઉપાડ્યો. અશોકભાઈએ પોતાનો પરિચય આપી વંદના સાથે વાત કરાવવા કહ્યું. વંદનાને તેના પતિએ ફોન આપ્યો તો અશોકભાઈએ વંદનાને સમગ્ર બાબત જણાવી અને કહ્યું કે, તારી દીકરીનું લગ્ન છે તેવા સમયે ત્રીસ વર્ષ પછી જિંદગીમાં પહેલીવાર તને ફોન કરું છું પણ આવી મજબૂરી છે. તારાથી થાય તો મદદ કર બોલતા અશોકભાઈનું ગળું ભરાઈ આવ્યું.

વંદનાએ નામ અને સરનામું લીધું અને બને તે મદદ કરવાની ખાતરી આપી. છત્રીસ કલાક બાદ જેના ઘરના આંગણામાં દીકરીને પરણવા જાન આવવાની હતી તે વંદના તેના

પતિને લઇને રાતે અઢી વાગે ચેન્નાઇની કેન્સર હોસ્પિટલમાં પહોંચી અને એ વૃદ્ધાને મળી. અજાણ્યા પ્રદેશમાં કોઈ ગુજરાતી માણસ શોધતો આવીને મળતા દસ વાગ્યાના પતિની લાશ સાથે મૂર્તિવંત બનીને બેઠેલી વૃદ્ધા દિલ ખોલીને વંદનાના ખભા ઉપર માથું મૂકી રડી. દરમ્યાન વંદનાના પતિએ હોસ્પિટલના જવાબદારો સાથે વાત કરી મૃતદેહને કોલ્ડ સ્ટોરેજમાં મુકાવવાની વ્યવસ્થા કરી અને મૃતક વૃદ્ધના પરિવાર સાથે પરામર્શ કરીને મૃતદેહને ચેન્નાઇમાં જ અંત્યેષ્ઠી કરવાની વાત નક્કી કરી. વંદનાને વૃદ્ધા સાથે છોડી અને એનો પતિ અંતિમ ક્રિયાની તૈયારી કરવામાં લાગી ગયો.

સવારે સાત વાગે હોસ્પિટલના ચોગાનમાં એક એક કરીને માણસ ભેગા થવા લાગ્યા. આઠ વાગ્યાની આસપાસ ચારસો ગુજરાતીઓ હોસ્પિટલના ચોગાનમાં ભેગા થઇ ગયા. વંદનાનો પતિ અંતિમ સામાન લઇને આવ્યો. જરૂરી વિધિ પતાવી ચેન્નાઇમાં ચારસો ગુજરાતીઓ એક અજાણ્યા ગુજરાતીનો મૃતદેહ લઇ રામ નામનો જાપ કરી સ્મશાન પહોંચ્યા અને મૃતદેહને પંચમહાભૂતમાં વિલીન કર્યો.

વંદનાએ વૃદ્ધાને પોતાને ત્યાં લઇ જઈ થોડા સ્વસ્થ કર્યા અને ચેન્નાઇથી વડોદરા આવવા ટ્રેનમાં રવાના કરવાની વિધિ પતાવી. બીજે દિવસે દીકરીની જાન આવવાની હતી એટલે લગ્નમાં મોસાળું કરવા આવેલા ભાઈને ‘મોસાળું કરવાની જવાબદારી બીજા નિભાવી લેશે તું માજીને ઘરે પહોંચાડવાનું કામ કર’ કહીને ભાઈને માજી સાથે જ ટ્રેનમાં વડોદરા રવાના કર્યો.

વંદનાના ઘરે લગ્ન પતિ ગયાના બે સપ્તાહ બાદ વંદના પોતાના પિયરમાં અને સગા-સંબંધીઓને ત્યાં દીકરી જમાઈને લઈ આવીને ગુજરાતમાં કુળદેવીના મંદિર ખાતે નવપરિણીત યુગલને પગે લગાડવાના હતા ત્યારે વંદના ચેન્નાઇથી અસ્થિ કળશ અને મૃત્યુનું પ્રમાણપત્ર પણ સાથે લઇને આવવાનું ન ભૂલી. એટલે જ કહેવાય છે કે ‘જ્યાં જ્યાં વસે ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત’

**(સત્યઘટના).**

## ગુજરાત રાજ્યના પૂર્વ નાણાં પ્રધાન શ્રી અરવિંદભાઈ સંઘવીનું દેહાવસાન



**સુરેન્દ્રનગરની એમ.પી. શાહ કોમર્સ કોલેજના પ્રાચાર્ય, વિદ્વાન અર્થશાસ્ત્રી, કડક શિસ્તના આગ્રહી અને નિડર વ્યક્તિત્વના ધારક શ્રી અરવિંદભાઇ સંઘવીનું ૨૯-૦૫-૨૧ ના શનિવારે અવસાન થયું છે.**

**સુરેન્દ્રનગરની અનેક સામાજીક શૈક્ષણિક અને સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા શ્રી અરવિંદભાઇએ તમામ સંસ્થાઓમાં પોતાની કુશળતાનો પરિચય આપ્યો છે. સુરેન્દ્રનગર ઝાલાવાડી સભા સાથે સાથે તેઓ ખૂબ આત્મીય રહ્યા. ધર્મપ્રેમી, જીવદયાપ્રેમી અરવિંદભાઇ છેલ્લા કેટલાક સમયથી બિમાર હતા પણ ધર્મનું શરણ સદાય સેવ્યું હતું.**

**ઈશ્વર તેમના પુનિત આત્માને ખૂબ ખૂબ શાંતિ અર્પે એજ અભ્યર્થના.**



અનેક કંપનીઓનો માલિક, સફળ કહેવાતો એક મોટો ઉદ્યોગપતિ માનસિક તાણ, થાક, અનિદ્રાના રોગ માટે ડૉક્ટર પાસે આવ્યો.

‘મને બહુ કામ રહે છે. ફાઈલોનો આ થોકડો જુઓ. રાતે ઘેર જઈને બધું કામ કરવું પડશે.’

‘તમને મદદ કરનાર કોઈ નથી. ?’

‘ના, આ તો ફક્ત હું જ કરી શકું તેમ છે, એ એકદમ બરોબર થવું જોઈએ. આજે રાતે એ પૂરું થવું જ જોઈએ અને એ માત્ર હું એકલો જ કરી શકું.’

ડૉક્ટરે દવા લખી આપી :

‘કામના રોકાણ વચ્ચેથી રોજ બે કલાક કાઢી દૂર સુધી ફરવા જવું અને અઠવાડિયામાં એક વાર અડધો દિવસ છુટ્ટી લઈ કબ્રસ્તાનમાં એ સમય ગાળવો.’

‘કબ્રસ્તાનમાં શા માટે ? એટલો બધો સમય મારે કબ્રસ્તાનમાં શું કામ બગાડવો ?’

‘જેથી તમે જાણી શકો કે ત્યાં જેઓ સૂતા છે, તેઓ તમારી જેમ જ વિચારતા હતા કે આખી દુનિયાનો ભાર તેમના ખભા પર છે. ખ્યાલ કરજો કે તમારો ત્યાં નિત્ય નિવાસ થશે ત્યારે પણ દુનિયા તો ચાલતી હતી તેમ ચાલતી જ રહેશે, અને તમે બહુ મહત્ત્વની વ્યક્તિ હો તોપણ, જે કામ તમે ધારો છો કે તમે એકલા જ કરી શકો, તે બીજાઓ કરશે.’

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલું થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે. **સેનિટોરિયમનું ઓનલાઈન બુકિંગ ચાલુ છે. પત્રિકામાં છપાતી જાહેર ખબરની રકમ તથા સંસ્થાને મળતું ડોનેશન હાલમાં online સ્વીકારવામાં આવે છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશન ના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશન માં મોકલવા જેથી કર રાહત નો લાભ મળી શકે.**

**જે પણ રકમ જાહેરાતની કે દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt પ્રદીપભાઈને મોકલવા વિનંતી.**

| | | | |
|---|---|---|---|
| પંચગીની તથા લોનાવલા : મિલનભાઈ 9860125136 | સંસ્થાના કોઈપણ પ્રકારના કામ માટે સભાના મેનેજર શ્રી પ્રદીપભાઈ તુરખિયાનો સંપર્ક કરવો 9867748120 | દેવલાલી : આશાબેન 9819956529 | સુરેન્દ્રનગર અતિથિ ભવન સુરેન્દ્રનગર - કેતનભાઈ શાહ 9099350644 / 9426756100 મુંબઈ - મિલનભાઈ તુરખિયા 9860125136 / 7208472884 |

**તા. ૪-૧-૨૦૨૧ થી સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપરજ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

## Please Note Office New Mobile No.
# 7208472884 • 7208481791 • 7208472744

**શ્રી ઝાલાવાડી સભાના આજીવન સભ્યપદ ના રૂા. ૫૧૦૦/- છે. ઝાલાવાડી સભાની માસિક પત્રિકાના ત્રણ વર્ષના લવાજમના રૂા. ૪૦૦/- છે. આ ફોર્મ** zalawadi.com **ની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા મુંબઈના** Bank A/c **માં રકમ જમા કરાવી અને** I.D. Receipt **તથા આપની પુરી વિગત મેનેજર શ્રી પ્રદીપભાઈ તુરખિયાને તુરંત મોકલાવી.**

**મુંબઈ ઑફિસ**

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street,**
**(Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM ● Lunch Time : 1.00 To 2.00 PM**



## Please Note Office New Mobile No.
# 7208472884 • 7208481791 • 7208472744

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૧૫ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશાં સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, તૃષાતુરને તૃપ્તિ આપી શકીએ અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

આપણે જૈનો 'Really, we are blessed one.' લક્ષ્મીજીની કૃપા સદૈવ આપણા પર રહી છે. આમ પણ સત્કાર્ય સિવાય જીવનમાં કશું સાથે આવતું નથી એ આપણે સમજીએ છીએ. ઝાલાવાડી સભાના ૬૨૦૦ પરિવાર આખા વર્ષમાં કેવળ એક જ વખત ૧૧,૦૦૦/- રૂા.નું અનુદાન કરી સભાના પ્રકલ્પોને વેગવાન બનાવે. સભા સાથેનું સાતત્ય જાળવી રાખે એવી અમારી નમ્ર અરજ છે. વર્ષભરમાં આવતા મંગલ પ્રસંગોની સ્મૃતિમાં સભા તમારા હૈયે રહેવી જોઈએ એવી અપેક્ષા છે. ઝાલાવાડી સભાના આધારસ્તંભ બનવાનું ગૌરવ અને સંતોષ આપને પ્રાપ્ત થશે એટલું ચોક્કસ...

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

### આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- સુરેન્દ્રનગર નિવાસી, હાલ- જુહુ સ્કીમ, શ્રીમતી સરોજબેન પ્રબોધચંદ્ર શાહ પરિવાર
- શ્રીમતી ઝવેરીબેન વાડીલાલ શાહ (નાથાભવનવાળા)ના સ્મરણાર્થે હસ્તે : પ્રમોદીનીબેન જયેશભાઈ શાહ - બોરીવલી
- શ્રીમતી ઈન્દિરાબેન નવિનચંદ્ર શાહ, સોનગઢ નિવાસી (હાલ -સાંતાક્રુઝ)
- પાણશીણા નિવાસી (હાલ - સાયન) શ્રી તરુણભાઈ પાનાચંદ શાહ તથા સરોજબેન તરુણભાઈ શાહ
- સાયલા નિવાસી (હાલ - બોરીવલી) સ્વ. પ્રભાબેન જયંતીલાલ શાહ પરિવાર તરફથી તેમના સુપુત્ર શ્રી ઉપેનભાઈની વર્ષીતપની આરાધના નિમિત્તે
- ધ્રાંગધ્રા નિવાસી (હાલ-વિલેપાર્લા) વિણાબેન હર્ષદકુમાર શાહ તરફથી
- થાનગઢ નિવાસી (હાલ-ઘાટકોપર) સ્વ. જયાબેન ભોગીલાલ દોઢિવાળાના સ્મરણાર્થે હસ્તે દિલીપભાઈ - (સ્વ.) જીતેન્દ્રભાઈ - સતીષભાઈ દોઢિવાળા

## ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન
### શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં તા. ૨૫-૦૩-૨૦૨૧ પછી મળેલ રકમની વિગત

| | |
|---|---|
| શ્રી કિરીટભાઈ વૃજલાલ શેઠ - અંધેરી | ૫૦૦૦૦૦/- |
| માતુશ્રી કુમુદબેન મહેન્દ્રભાઈ શાહ (ટોળિયા) વરલી હસ્તે રાજેશભાઈ | ૫૦૦૦૦૦/- |
| શ્રી જયંતીલાલ શાંતિલાલ જોબાલિયા હઃ અપૂર્વભાઈ અને નિમિત્તભાઈ - જુહુ સ્કીમ | ૨૦૦૦૦૦/- |
| લીંબડી નિવાસી (હાલ-બાબુલનાથ) શ્રી વિજયભાઈ સુરેશભાઈ મણીયારની સુપુત્રી દ્રષ્ટિ C.A.માં પાસ થયાં તેની ખુશાલીમાં | ૧૦૦૦૦૦/- |
| લીંબડી નિવાસી, હાલ - મુંબઈ - માતોશ્રી ઝવેરીબેન વૃજલાલ હરીલાલ સંઘવી હસ્તે નરેન્દ્રભાઈ- ભૂપેન્દ્રભાઈ-અનિલભાઈ | ૧૦૦૦૦૦/- |

## વેવિશાળ

**ભવ્ય** — **કલ્પી** (વરપક્ષ / કન્યા પક્ષ)

શ્રીમતી બેલાબેન તથા સમીરભાઈ ચંપકલાલ સંઘવીના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ-બોરીવલી)
શ્રીમતી રૂપાબેન તથા નિલેશભાઈ પ્રવીણચંદ્ર ગોપાણીની સુપુત્રી બોટાદ નિવાસી (હાલ-વિલેપાર્લા) ૧૫૦૧ ૧૫૦૧

**ખોડલકુમાર** — **નીપા**

શ્રી વલ્લભભાઈ હરજીભાઈ ઘેલાણી ના સુપુત્ર પીપળ નિવાસી (હાલ -સુરત)
શ્રી જયેશભાઈ ઊગરચંદ શાહની સુપુત્રી ખેરાળી નિવાસી (હાલ - નાલાસોપારા) ૫૫૦ ૫૫૦

**કેવિલ** — **વિધિ**

શ્રી જયેશભાઈ વસંતલાલ શાહના સુપુત્ર રામપરા-વઢવાણ નિવાસી (હાલ - કાંદિવલી)
શ્રી વિરેશભાઈ પ્રભુદાસભાઈ કોઠારીની સુપુત્રી કોઢ નિવાસી (હાલ - મલાડ) ૧૧૦૧ ૧૧૦૧

**દર્શિત** — **સ્વાતી**

શ્રી વિજયકુમાર રજનીકાંત ગાંધી ના સુપુત્ર ચુડા નિવાસી (હાલ - મલાડ)
શ્રી અશોકકુમાર રમણીકલાલ શાહની સુપુત્રી હુંઢસર-પાલીતાણા નિવાસી (હાલ-મલાડ) ૧૧૦૦ ૧૧૦૦

**સિદ્ધાર્થ** — **જૈની**

શ્રી જયંતભાઈ નગીનદાસ સલોત ના સુપુત્ર બોટાદ નિવાસી (હાલ - કાંદિવલી)
શ્રી સંદીપભાઈ હસમુખભાઈ શ્રોફની સુપુત્રી લીંબડી નિવાસી (હાલ - સાંતાક્રુઝ) ૧૦૦૦ ૧૦૦૦

## પ્રભુતામાં પગલાં

**ધર્મેશ-મિલોની**

શ્રીમતી અ.સૌ. સંગીતાબેન મીનેશભાઈ કેશવલાલ ગાંધીના સુપુત્ર દિગસર નિવાસી (હાલ-મુલુંડ)
શ્રીમતી અ.સૌ. બિંદુબેન મહેન્દ્રભાઈ કસલચંદ દોશીની સુપુત્રી મેંદરડા નિવાસી (હાલ-અંધેરી) ૨૧૦૦ ૨૧૦૦

**સમય-ઈશિતા**

શ્રી ઉલ્લાસભાઈ ચંપકલાલ તુરખિયાના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ-ઘાટકોપર)
શ્રી મુકેશભાઈ દલીચંદ દોશીની સુપુત્રી વાંકાનેર નિવાસી (હાલ-ઘાટકોપર) ૫૦૧ ૫૦૧

**સાગર-લબ્ધી**

શ્રી પ્રકાશભાઈ મુળજીભાઈ વોરાના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ -અંધેરી)
શ્રી હર્ષદભાઈ વાડીલાલ શાહની સુપુત્રી બોટાદ નિવાસી (હાલ - મલાડ) ૧૦૦૧ ૧૦૦૧

### મહત્ત્વની સૂચના

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને સેનેટોરિયમ બુકિંગ તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

## ‘જીઓ રોટી ઘર’

માનવતાના કાર્યોમાં સતત પ્રવૃત્ત રહ્યું છે. ટ્રસ્ટી શ્રી મનિષભાઈ પરીવારજનો શ્રીમતી દિપિકાબેન, મેહાલી, કમિટી મેમ્બર શ્રી મિતેશભાઈ, સાથી કાર્યકર શ્રી રાજેશભાઈ રસિકલાલ તથા ઉદાર દિલ દાતાઓના સહયોગથી ઉત્તમ કાર્યો હાથ ધર્યા છે.

- મુંબઈના વિધવિધ વિસ્તારમાં ગ્રોસરી તથા ખોરાકનું વિતરણ
- જરૂરિયાતમંદ બાળકોના શિક્ષણની ફી
- ડાયાબિટિસના દર્દીઓને મફત દવાની સુવિધા
- પાંજરાપોળ, કબૂતરખાના અને રખડતા અબોલ જીવોને માટે ઘાસચારા ને ખાણીપાણીની વ્યવસ્થા, માસ્ક, સેનેટાઈઝર, મોજાનું વિતરણ તથા સાધુસાધ્વીઓની વૈયાવચ્ચ - આ તમામ કાર્યો કોરોના મહામારીના બન્ને તબક્કામાં સફળતાપૂર્વક પાર પાડ્યા છે. પરિવારના સુખદ કે સ્મૃતિજનક દિવસને યાદ કરી ગરીબ, ભૂખ્યાજનોને નાસ્તો, ભોજન, છાસ, બાળકોના રમકડા, શિક્ષણની સહાય, દર્દીઓની કાળજી માટે પ્રોત્સાહિત કરીને તેમની જરૂરિયાતો પૂરી પાડવાનો, બેસહારા બનેલા પરિવારોને આર્થિક ટેકો આપવા માટે કે આજીવિકા માટે કામ આપવાનું મિશન ‘જીઓ રોટી ઘરે’ સફળ કર્યુ છે. તેમણે ગ્રામ્ય વિસ્તારોનાં પાકા બાથરૂમ તથા ટોયલેટની સુવિધા પણ કરી આપી છે.

●●●

## Jito Apex શ્રમણ આરોગ્યમ્ ટીમ ગોરેગામની શાસન સેવા...

કોરોના મહામારીના બન્ને તબક્કાનાં આપણે જિનશાસનના અનેક અમૂલ્ય રત્નો ગુમાવ્યા છે. સાધુસંતોના આરોગ્યની સુરક્ષા માટે જીતો એપેક્ષ ગોરેગામ શ્રમણ આરોગ્ય



# સમાચાર સંકલન

# માનવતાની મહેક...

ટીમે ‘જીતો ડ્રાઈવ ઑન વ્હીલ્સ’ના માધ્યમે રસીકરણનું કાર્ય ઉપાડી લીધું.

મહાવીર જૈન હોસ્પિટલના સહયોગથી શ્રીમતી પ્રતિક્ષાજીના નેતૃત્વમાં શ્રમણ આરોગ્યમ્ ટીમે મીરા રોડથી ગોરેગામ સુધીની ૧૫ ગુરુભગવંતો તથા ૬૭ મહાસતીજીઓના વેક્સિનેશનની જવાબદારી સંભાળી. ૧૧ મી મે એ બોરીવલી - વર્ધમાન સ્થા. જૈન. શ્રાવક સંઘે સહુને માટે નવકારશીની વ્યવસ્થા કરી હતી. વેક્સિનેશનની પ્રક્રિયા સમયે સાધુસંતોને કોઈ અગવડ ઊભી ન થાય તે માટે ડૉ. બિપિનભાઈ દોશી, ડૉ. પરાગભાઈ અજમેરા તથા ડૉ. નીતિનભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

શાસન સેવાના આ ઉત્કૃષ્ટ કાર્યમાં ઝાલાવાડી સભાના કમિટી મેમ્બર શ્રી નિરવભાઈ દોશી, શ્રી નવિનભાઈ જશવાણી તથા શ્રી વિજયભાઈ અજમેરા સતત કાર્યરત રહ્યા હતા.

●●●

## જૈન સોશ્યલ ગ્રુપ ક્લાસિક

કોરાનાની મહામારીમાં અને લોકડાઉનના કપરા સમયમાં આપણા સમાજના ઘણા પરિવાર તકલીફ ભોગવી રહ્યા છે. આ માટે જૈન સોશ્યલ ગ્રુપ ક્લાસિક જુહુ દ્વારા સાધર્મિક પરિવાર ને અનાજની કિટ પહોંચાડવાનું સુંદર કાર્ય શરૂ કરેલ છે. ૧૪ કિલો વજન ધરાવતી આ અનાજ ની એક કિટની કિંમત રૂ. ૧૦૦૦ થાય છે. ઉદાર દિલ દાતાઓના સહયોગથી અત્યાર સુધીમાં ૯૦૦થી વધુ સાધર્મિક પરિવારને કિટ આપવામાં આવી છે અને હજુ પણ પરિવારને સહાય આપવાનું અવિરત પણે ચાલુ છે.

●●●

## પાવનધામ કોવિડ કેર સેન્ટર

ઝાલાવાડી સભા ના કમિટી મેમ્બર અને પાવનધામના ટ્રસ્ટી તથા કો ઓર્ડિનેટર નિરવભાઈ દોશી પણ આ વિકટ સમયમાં સતત કાર્યરત રહ્યા.

પાવન ધામ કોવિડ -૧૯ ફેસ ૨ માં રાષ્ટ્ર સંત પરમ ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ ની પ્રેરણા અને આશીર્વાદ થી તા. ૧૮ એપ્રિલ થી પાવનધામ કોવિડ કેર સેન્ટર ફરીથી ચાલુ થયેલ તેમાં ૭૫ બેડ ની વ્યવસ્થા કરવામાં આવેલ છે. ૭૫ બેડ માંથી ૨૫ બેડ front line workers માટે એટલે કે (ડૉક્ટર, મુંબઈ પોલીસ, બી.એમ.સી સ્ટાફ) માટે નિઃશુલ્ક વયવસ્થા કરવામાં આવેલ છે. કવિડ -૧૯ ફેસ ૨ માં અત્યાર સુધીમાં ૨૦૦ દર્દી સાજા થઇ ને પોતાના ઘરે પાછા ગયેલ છે.

આ ઉપરાંત જે દર્દી પોતાના ઘરે એટલે કે જે Home quarantine થયેલ તેવા દર્દી તેમજ તેમના પરિવાર માટે પાવનધામ થી દરોજ્જ ના સવાર - સાંજ ના ૧૦૦ થી ૧૫૦ ટિફિન ની નિઃશુલ્ક વ્યવસ્થા કરવામાં આવેલ છે.

કોવિડ-૧૯ ની મહામારી ના સમય માં જયારે oxygen ની ખુબજ જરૂરિયાત ઉભી થતા પાવનધામ માં માત્ર રૂ.૧૦૦૦૦/- ની ડિપોઝિટ સાથે ૧૦૦ oxygen concentrator machine ની વ્યવસ્થા કરવામાં આવી છે.

●●●

## ઓક્સિજન કોન્સંટ્રેટરની ભેટ

પાવનધામના દર્દીઓને ઓક્જિજનની સુવિધા મળે તે માટે ઝાલાવાડી સભાના ટ્રસ્ટીશ્રી મહેન્દ્રભાઈ તુરખિયાએ પાંચ ઓક્સિજન કોન્સંટ્રેટર ભેટ આપ્યા હતા.

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા–મુંબઈ

સંચાલિત

## શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય–નાલાસોપારા
## શ્રીમતી મંગળાબેન જશવંતલાલ શાહ જૈન ભુવન–નાલાસોપારા

☐ **દિલીપભાઈ એ. શાહ**

કોરોનાના આ લોકડાઉન સમયમાં સંત-સતીજીનું આવાગમન ઓછું હોવા છતાં ધર્મપ્રેમી ભાઈ-બહેનો ઘેરબેઠા પણ આરાધનાઓ કરી રહ્યા છે.

- લીંબડી અજરામર સંપ્રદાયના પ.પૂ. પ્રકાશમુનિ મ.સા. આદિ ઠાણા-૬ તેમ જ પ.પૂ. સિદ્ધશીલાબાઈ મ. આદિ ઠાણા પધારેલ.
- જ્ઞાનગચ્છ સંપ્રદાયના ગચ્છાધિપતિ પ.પૂ. પ્રકાશમુનિ મ.સા.ના આજ્ઞાનુવર્તી સુશિષ્યા પ.પૂ. ગુણમાલાશ્રીજી મ. આદિ ઠાણા પણ પધારેલ. વાંચણીનો લાભ મળેલ.
- ચૈત્રમાસ આયંબિલ ઓળી, કોરોનાના કારણે ઘરે રહીને પણ આખી આયંબિલ ઓળી ધર્મપ્રેમી ભાઈ-બહેનોએ કરેલ.
- આખી ઓળી કરનાર દરેકને ''વીર આવો મારી સાથે''- સાયન ગ્રુપ તરફથી આયંબિલ વસ્તુની રૂા. ૨૪૦/-ની કીટ + ૩૦૦ રૂા. રોકડા અનુમોદના આપવામાં આવેલ. ચારુબેન રજનીભાઈ શાહ હાલ બોરીવલી તરફથી દરેકને રોકડા રૂા. ૨૦૦ અને જયસુખલાલ લહેરચંદ શાહ તરફથી રૂા. ૧૦૦ અનુમોદના આપવામાં આવેલ.
- ''ઉજ્જવલ મહિલા મંડળ'' ગારોડિયા-નગર ઘાટકોપર તરફથી આર્થિક રીતે જરૂરિયાતમંદ ૬૦ પરિવારને રૂા. ૪૦૦ ની કીટબેગ આપવામાં આવેલ. એક સામાયિક તથા જાપ રાખેલ દરેકને રૂા.૨૦ પ્રભાવના આપવામાં આવેલ.
- ''જૈન સોશ્યલ ગ્રુપ-ક્લાસિક'' અંધેરી તરફથી મુકેશભાઈ ચશ્માવાલા અને મુકેશભાઈ શાહની પ્રેરણા અને સહયોગથી આર્થિક રીતે જરૂરિયાતમંદ ૧૦૦ પરિવારને ઉપરોક્ત ઉપાશ્રયમાં રૂા. ૧૦૦૦/-ની અનાજની કીટબેગ આપવામાં આવેલ. ઝાલાવાડ દર્શનમાં પણ ૬૪ પરિવારોને ૧૦૦૦ રૂા.ની અનાજની કીટબેગ વિતરણ માટેની વ્યવસ્થા રાખવામાં આવેલ.
- ''નવતત્વ-મુક્તિમાર્ગનું દર્શન'' ૫૦ બુક્સ પ્રકાશક શ્રી પ્રભુદાસ લીલાધર શેઠ પરિવાર તરફથી બન્ને મંડળને જ્ઞાનાર્થે મળેલ છે.
- સંવત ૨૦૨૧નું ચાર્તુમાસ સંઘના પ્રબળ પુણ્યોદયે જ્ઞાનગચ્છ સંપ્રદાયના બહુશ્રુત પ.પૂ. પ્રકાશમુનિ મ.સા.ના સુશિષ્યા પ.પૂ. ગુણમાલાશ્રીજી મ. આદિ ઠાણાઓનું પ્રાપ્ત થયેલ છે.

✸✸✸

## ઉત્સાહ



પોતાના કરતાં દુશ્મનની સેના દસગણી મોટી હોવા છતાં તેની સામે જંગે ચડવાનો ઉત્સાહ ધરાવનાર જાપાની સેનાપતિ નોબુનાગાએ સૈનિકોને પાનો ચડાવવા કરેલા તમામ પ્રયાસો નિષ્ફળ ગયા. ભોગવિલાસમાં ગૂંથાયેલી દુશ્મનસેના સંખ્યામાં મોટી હોવા છતાં શિસ્તહીન અને શક્તિહીન છે અને તેથી આપણો વિજય નિશ્ચિત છે તેવી ખાતરી હોવાને કારણે નોબુનાગાએ અનેક સાથીઓની સલાહ લીધી. છેવટે એક પુરોહિતે રસ્તો કાઢી આપ્યો. નોબુનાગાના તમામ લશ્કરી અફસરો અને અધિકારીઓને એકઠા કરીને તેણે કહ્યું કે 'અત્યારે ગ્રહયોગ એવો છે કે દેવતાઓ પણ તેમની મદદે આવશે, પણ આ બાબતમાં યુદ્ધ કરવા ન કરવાનો ફેંસલો દેવાજ્ઞા પ્રમાણે કરવો જોઈએ. આવતી કાલે સવારે મોટા મંદિરમાં આપણે આ સિક્કો ઉછાળીશું. જો છાપ પડે તો દેવાજ્ઞા આપણી તરફેણમાં છે અને ઊલટી બાજુ પડે તો યુદ્ધે ચડવાનો વિચાર માંડી વાળવો.'

શીન્ટો મંદિરમાં બીજે દિવસે તમામ સૈનિકોની હાજરીમાં સિક્કો ઉછાળવામાં આવ્યો અને સિક્કાની છાપ બાજુ ઉપર આવી પડી. ઉત્સાહિત સૈનિકો હોંશભેર કૂચકદમ કરી ગયા અને ગાફેલ શત્રુને હરાવીને વિજયધજા ફરકાવતાં પાછા ફર્યા.

નોબુનાગાએ પુરોહિતનો ખાસ આભાર માન્યો અને કહ્યું કે 'આપે મોટું જોખમ ઉઠાવ્યું, કારણ કે સિક્કાની ઊલટી બાજુ ઉપર આવી હોત તો આપણો બેત ધૂળધાણી થઈ જાત.' પુરોહિતે હસીને કહ્યું કે 'તેવું બનવાનો સંભવ જ ન હતો.' 'પુરોહિતે સિક્કો કાઢીને નોબુનાગાને બતાવ્યો. સિક્કાની બંને બાજુ પર એકસરખી જ છાપ હતી. ખાસ બનાવવામાં આવેલા આ સિક્કામાં ઊલટી બાજુ હતી જ નહીં.

જીવનમાં ફત્તેહ મેળવવી હોય તો પોતાના જીવનસિક્કાની બંને બાજુ પર ઉત્સાહની એક જ છાપ રાખવી અને નિરાશા કે હતાશાની બીજી છાપ સમૂળી ભૂંસી નાખવી.

**- નગીનદાસ સંઘવી**



ધર્મ એક પરિશુદ્ધ નિર્મળ તત્ત્વ છે. માણસની માણસાઈ વધારવી એ બધા ધર્મોનું કર્તવ્ય છે. અને સાર છે. જે પોતાના ધર્મનું નિષ્ઠાથી આચરણ કરે છે તેને બીજાના ધર્મો પ્રત્યે પણ આદર જ રહેશે. **- વિનોબા ભાવે**




# પરિચયની પાંખે

**☐ સંધ્યા શાહ**

**પ્રેરણા - વિનોબાજી**

***સમણસુત્તં***

**ગુજરાતી અનુવાદ**

**મુનિશ્રી ભુવનચંદ્રજી**

**સંસ્કૃત છાયા પરિશોધન**

**પંડિત બેચરદાસ દોશી**

**: પ્રકાશક :**

**યજ્ઞ પ્રકાશન સમિતિ, હિંગળાજ માતાની વાડીમાં, હુજરત પાગા, વડોદરા - ૩૯૦૦૦૧.**

**પૃષ્ઠ : ૨૪૭ ❋ મૂલ્ય : રૂા. ૧૨૦/-**

સંત વિનોબા એટલે સંસ્કૃતિના સમન્વયની પરંપરા. પ્રખર વૈરાગી, પ્રકાંડ પંડિત.. જ્ઞાન, વિદ્વતા, નિષ્ઠા, પરિશ્રમ, પરાક્રમ, સ્નેહ અને સમર્પણ થકી ઝળહળતું વ્યક્તિત્વ... ભારતના રાષ્ટ્રીય અધ્યાપક અને મહાત્મા ગાંધીના આધ્યાત્મિક ઉત્તરાધિકારી વિનોબાજીએ આજીવન જ્ઞાનની ઉપાસના કરી, ઉપનિષદ, ગીતા, બ્રહ્મસૂત્ર, શાંકરભાષ્ય, મનુસ્મૃતિ, પાતંજલ યોગદર્શન, કુરાન, બાઈબલ, આચારંગ સૂત્ર, ધમ્મપદ... વિશ્વના તમામ મહાન ધર્મોનું અધ્યયન કર્યું, તેનો સાર સંકલિત કર્યો. વિનોબાજીને થયું, વૈદિક ધર્મનો સાર 'ગીતા'માં, બૌદ્ધોનો 'ધમ્મપદ'માં, ખ્રિસ્તી અને મુસલમાનોનો 'બાઈબલ' તથા 'કુરાન'માં, શીખ ધર્મીઓનો 'જપુજી'માં મળી આવે તેમ જૈન ધર્મનો પણ એક ગ્રંથ હોવો જોઈએ જેમાં તેનું સારતત્વ પ્રગટ થાય. જૈનોના તમામ ફિરકાઓના વિદ્વાનોને તેમણે વિનંતી કરી કે સહુ ભેગા મળીને સર્વાનુમતે એક ગ્રંથ પ્રગટ કરો.

વિનોબાજીની શુભ આકાંક્ષા મહાવીર સ્વામીની ૨૫૦૦મી જન્મજયંતીએ ફળી. તપસ્વી વિદ્વાન બ્રહ્મચારી વર્ણીજીએ અપાર પુરુષાર્થ કરી 'જૈન ધર્મસાર' નામનું પુસ્તક તૈયાર કર્યું. તેની હજાર નકલો જૈન વિદ્વાનોને મોકલી. વિદ્વાનોના સૂચનો પરથી બીજું સંકલન દલસુખભાઈ માલવણિયાએ કર્યું. કાનજીસ્વામીની પ્રેરણાથી ડૉ. હુકમચંદ ભારિલ્લે ઘણી ગાથાઓ સૂચવી - એ તમામના અધ્યયનનાં અંતે ત્રીજું સંકલન 'જિણધમ્મ' નામે છપાયું. આ ગ્રંથ પર ચર્ચા કરવા માટે તમામ ફિરકાના મુનિઓ, આચાર્યો, વિદ્વાનો ને શ્રાવકો દિલ્હીમાં એકત્રિત થયા. ૩૦૦ જેટલા વિદ્વાનોની આ સંગીતીમાં વિચારવિમર્શને અંતે સર્વસંમતિએ જે ગ્રંથ પ્રગટ કરવામાં આવ્યો તે 'શ્રમણસૂક્તમ્' અર્ધમાગધીમાં તેને 'સમણસુત્તં' કહેવામાં આવે છે. તમામ વિદ્વાનોને પ્રેરવામાં, પુરુષાર્થમાં વિનોબાજીનું પ્રત્યક્ષ અને પરોક્ષ માર્ગદર્શન આરંભથી અંત સુધી રહ્યું.

આમ પણ ભગવાન મહાવીર તો વિનોબાજીના લાડકા મહાપુરુષ. મહાવીરને તેઓએ સર્વધર્મ સમન્વયાચાર્યનું બિરુદ આપ્યુ છે જૈન આગમોની વિનોબાજીના જીવનદર્શન પર ઊંડી અસર હતી, અનેકાંત દૃષ્ટિમાં તેમને અહિંસાના મૂળ સ્ત્રોતના દર્શન થયા હતા. વિનોબાજીના જ શબ્દોમાં કહું તો, 'ગીતા' પછી મહાવીર ભગવાનથી વધુ બીજી કોઈ વાતની અસર મારા ચિત્ત પર નથી. પ્રભુ મહાવીરની 'સત્યગ્રાહી' બનવાની વાત તેમને સ્પર્શી ગઈ હતી.

જૈન ધર્મ વિશે જાણવાની જિજ્ઞાસા હોય તેવી કોઈ પણ - જૈન - જૈનેતર વ્યક્તિને સમજાય તેવી સરળ શૈલીમાં મુનિશ્રી ભુવનચંદ્રજીએ ગાથાઓનો અનુવાદ કર્યો છે. ચાર ખંડ, ૪૪ પ્રકરણ અને ૭૫૬ ગાથાઓ ધરાવતા આ ગ્રંથમાં જૈન ધર્મની સારભૂત વાતોનું સંક્ષેપમાં સંકલન કરવામાં આવ્યું છે. 'જિને' પ્રસારેલો - ઉપદેશેલો કલ્યાણ માર્ગ તે જૈન ધર્મ. 'જિન' એને કહેવાય જેણે રાગ-દ્વેષ આદિ વિકારો પર વિજય મેળવ્યો હોય. જૈન ધર્મનું લક્ષ્ય વિતરાગ પ્રાપ્તિનું છે. આચારે અહિંસા, વિચારે અનેકાંત ને વ્યહવારે અપરિગ્રહ' એ જૈન ધર્મના પાયાના સિદ્ધાંતો છે. જૈન આચાર માર્ગના બે મુખ્ય ભાગ છે શ્રાવકાચાર અને શ્રમણાચાર... વૈયક્તિક ઉત્થાનની વાત કરતો જૈન ધર્મ શ્રાવક અને શ્રમણને ક્રમિક વિકાસના પગથિયાં પર દોરી જાય છે. જ્ઞાનહીન કર્મ અને કર્મહીન જ્ઞાનની વ્યર્થતા દર્શાવતા આ ધર્મમાં વ્યક્તિ સમ્યક્ દૃષ્ટિ અને સમ્યક્ આચાર દ્વારા સમ્યક્ જ્ઞાનની પ્રાપ્તિ કરી શકે છે.

વિષયસૂચિ તથા પારિભાષિક શબ્દકોશ સાથે રસાળ શૈલીમાં પ્રગટ થયેલ અનુવાદમાં પંડિત બેચરદાસજી દોશીએ સંસ્કૃત છાયાનું સંશોધન અને પરિમાર્જન કર્યુ છે. જૈનધર્મના મૂળ સિદ્ધાંતોનો પરિચય પામવા માટેનો આ આધારભૂત ગ્રંથ જૈનોની આચારપ્રણાલી તથા જીવનના ક્રમિક વિકાસની પ્રક્રિયા દર્શાવે છે. ભગવાન મહાવીરના ૨૫૦૦મા વર્ષની અપૂર્વ ઉપલબ્ધિ અને વિનોબાજીની જૈન ધર્મસાર માટેની સાત્વિક આકાંક્ષાની પરિપૂર્ણતા એટલે સમણસુત્તં...

# અમૃત

રાજા જનકને વિદેહી કહેવામાં આવતા હતા.

એક દિવસ એક યુવાને હિંમત કરીને એમને પ્રશ્ન પૂછયો : ''મહારાજ! આપનું શરીર હયાત હોવા છતાં આપ વિદેહી કઈ રીતે હોઈ શકો ?''

રાજા જનક હસ્યા અને મૌન રહ્યા.

થોડા દિવસો વિત્યા બાદ જનક રાજાએ એ યુવાનને ભોજનનું આમંત્રણ આપ્યું. જનક રાજા સાથે ભોજન લેવાનું સદ્‌ભાગ્ય ભાગ્યે જ કોઈને મળતું. યુવાનના હર્ષનો કોઈ પાર ન રહ્યો.



બીજે દિવસે હર્ષભેર એ ભોજન માટે જનક રાજાના મહેલે જવા નીકળ્યો. અને થોડી વારમાં જ એનો હર્ષ વિષાદમાં ફેરવાઈ ગયો. રસ્તામાં એણે ઢંઢેરો પીટાતા સાંભળ્યો કે કોઈ રાજ-અપરાધ માટે એ જ દિવસે સાંજે એને ફાંસીએ લટકાવવામાં આવનાર છે.

કેવો ઉપહાસ! બપોરે રાજમહેલમાં આતિથ્ય અને સાંજે ફાંસીએ લટકીને જીવનનો કરુણ અંત!

મનથી ભાંગી પડેલો યુવાન જેમતેમ સ્વસ્થતા ધારણ કરીને ભોજનના નિમંત્રણને માન આપવા રાજમહેલ જઈ પહોંચ્યો.

જનક રાજાએ યુવાન માટે મીઠા વિનાની રસોઈ બનાવવા રસોઈયાને સૂચના આપી હતી. યુવાન આવી પહોંચ્યો એટલે એનું સ્વાગત કરીને જનક રાજાએ ખૂબ આગ્રહ અને પ્રેમથી એને ભોજન કરાવ્યું. યુવાન ભોજન તો કરતો હતો પણ એનું મન એમાં નહોતું. હોઈ પણ કેમ શકે ? એક એક ક્ષણ વિતતી જતી હતી અને મૃત્યુ વધુને વધુ નજીક આવી રહ્યું હતું.

ભોજન પૂરું થયા પછી જનક રાજાએ યુવાનને પૂછ્યું : ''ભોજનની વાનીઓમાં કોઈ પ્રકારની ઊણપ તો નહોતી ને ભાઈ!''

યુવાન જાણે ઊંઘમાંથી ઝબકીને જાગી ગયો હોય એમ બોલ્યો : ''ભોજન! હા, મેં ભોજન તો લીધું પણ ક્ષમા કરજો ! મને એનું સ્મરણ રહ્યું નથી. માથે તોળાઈ રહેલા મૃત્યુના ભયે મારો સ્વાદ છિનવી લીધો છે, મારી સાન પણ ઠેકાણે નથી. હું શરીરથી અહીં છું પણ વાસ્તવમાં અહીં નથી.''

યુવાનનો ઉત્તર સાંભળીને જનક રાજા હસી પડયા. અને બોલ્યા : ''તને યાદ હશે કે થોડા દિવસો પહેલાં તે મને પ્રશ્ન કર્યો હતો. એ પ્રશ્નનો તને ઉત્તર મળી ગયો. ગભરાઈશ નહીં; તારે આજ સાંજે ફાંસીએ ચડવાનું છે જ નહીં. તારા પ્રશ્નનો ઉત્તર આપવા માટે એ તો મેં ગોઠવેલી યોજના હતી. જેને મૃત્યુ નજર સામે દેખાય છે એ દેહ હોવા છતાં વિદેહી બની જાય છે. અને જે વિદેહીની અવસ્થા પ્રાપ્ત કરે છે એને માટે મૃત્યુ વિલીન બની જાય છે. આવી અવસ્થા પ્રાપ્ત થયેલ વ્યક્તિને એક અણમોલ ચીજની પ્રાપ્તિ થાય છે અને એ છે અમૃત.''

---

તમે તમારા ઘરને વળગી રહ્યાં છો; તમે તમારા ગ્રંથોને, મૂર્તિઓને, દેવોને, તારવણીને, તમારા રાગને, તમારા શોકને વળગી રહ્યાં છો, કારણ કે તમારી પાસે બીજું કશું નથી અને તમે જે કાંઈ કરો છો તે બધું દુઃખ લાવે છે. બીજું કશું છે કે નહીં તે શોધી કાઢવા. માટે, તમે જેને વળગી રહ્યાં છો તે તમારે છોડવું પડશે. તમારે જો નદી પાર કરવી હોય તો આ કાંઠાથી દૂર જવું પડશે. તમે એક કાંઠે બેસી રહી ન શકો. તમારે દુઃખમાંથી મુક્ત થવું છે, પણ તમે નદી ઓળંગતા નથી. એટલે, ગમે તેટલું દુઃખદ હોય તોપણ તમે જેને જાણો છો તેને વળગી રહો છો. આવો ત્યાગ કરતાં તમે ડરો છો, કારણ કે નદીને બીજે કાંઠે શું છે તે તમે જાણતાં નથી.

**-જે. કૃષ્ણમૂર્તિ**

---

'એ'ની કૃપા અને આશીર્વાદનો કશો તોટો નથી, પણ એવા કેટલા લોકો છે, જેઓ તેની કૃપાની વાયુલહરી ઝીલવા પોતાના સઢ ખોલી નાખે ? એવા કેટલા લોકો છે જેઓ તેના આશીર્વાદ મેળવવા મસ્તક નમાવે ? લોકોનાં મન તુચ્છ વસ્તુઓથી રોકાયેલાં હોય છે. સાચો ખજાનો કોને જોઈએ છે ? તેઓ મોટી મોટી વાતો કરે છે, પણ કશું મેળવવા તાલાવેલીપૂર્વક પ્રયત્ન કરતા નથી. તેમને તો બધી વસ્તુઓ અનાયાસ મળી જાય તેવું જોઈએ છે. લોકો બધી જાતનાં દુનિયાદારીનાં કામ પાર પાડે છે. પણ ભગવાનને સ્મરણમાં રાખવાની વાત આવે ત્યારે તેઓ પૂછે છેઃ
'એવું કરવા માટે સમય ક્યાં છે ?'

**- સ્વામી બ્રહ્માનંદ**

# મારી બહેન અને દીકરી માટે

શિવાની લગ્ન બાદ છ મહિને પહેલીવાર પિયર રહેવા આવેલી. આમ તો સાસરું રાજકોટથી નજીક સુરેન્દ્રનગરમાં જ હતું પણ શિવમની નોકરી બેંગલોર, લગ્ન બાદ રિસેપ્શન પતાવી બેઉ હનીમુન માટે ઉપડી ગયેલાં અને પાછાં આવી શિવાની પગફેરાની વિધિ માટે એક દિવસ પૂરતું પિયર આવેલી અને તરત જ નવયુગલ બેંગલોર માટે રવાના થઈ ગયેલું. હાલ થયેલા લગ્ન, નવા દિવસો, નવું ઘર, નવું શહેર, નવો માહોલ, બધું સેટ કરતાં કરતાં ક્યાંય દિવસો પસાર થઈ ગયા. અને શિવાની સવારે વહેલી ફ્લાઈટથી રાજકોટ પહોંચી.

દીકરી લગ્ન બાદ પહેલીવાર ઘરે આવી રહેલી. મમ્મી-પપ્પા, દાદા-દાદી, બધાંયના ચહેરા હરખથી છલકાઈ રહેલા. શિવાનીના રૂમની સાફસફાઈ થઈ ગયેલી, એના બેડ પર એની ગમતી પ્રિન્સેસવાળી ચાદર પથરાઈ ગયેલી. શિવાનીને ભાવતાં બધાં નાસ્તા બનાવીને ડબ્બામાં ભરાઈ ગયેલા, દાદીએ પોતાંના હાથે શિવાનીના પ્રિય મગસના લાડુ, મેથીના વડા અને સાતપડી પૂરી બનાવેલી, એના ગમતાં પુસ્તકો એના સ્ટડી ટેબલ પર મુકાઈ ગયેલ, સવારે ભાઈ સાથે જોગિંગ માટે જવા એના સ્પોર્ટ્સ સૂઝ શૂ-રેકમાં ગોઠવાઈ ગયેલા, એના ઈસ્ત્રી થયેલા કપડા ફરી ઈસ્ત્રી કરાવી મંદાબહેને તેના વોર્ડરોબમાં મૂકી દીધેલા, એના ટેડીબેર પણ કબાટમાંથી નીકળી એના બેડ પર બેસી ગયેલા. ભાઈ તો બેનને મળવા એટલો ઉતાંવળો થયેલો કે ફ્લાઈટ પહોંચવાના એક કલાક પહેલાંથી એરપોર્ટ જઈ બેસી ગયેલો.

શિવાનીના ઘરમાં આવતાંની સાથેજ આખાયે ઘરમાં ખુશીઓની લહેરકી ફરી વળી, વહાલસોઈ દીકરીને લાંબા સમય બાદ જોતાં જ મંદાબેન અને દાદીની આંખો તેમ જ મન બંને ભીનાં થઈ ગયાં. સામે દીકરી પણ ૨૩ વર્ષ રહેલીએ ઘરને જોતાં ગળગળી થઈ ગઈ,



શિવાનીની આંખો પણ ઉભરાઈ આવી. પછી તો, ''ઘર કેવું છે ? શિવમ કુમારનો સ્વભાવ કેવો છે ? તને ફાવી ગયું અજાણ્યા શહેરમાં ? કોઈ તકલીફ તો નથી... ? તું તો ફોન પણ નથી કરતી... હવે અમને તો સાવ ભૂલી જ ગઈ છે હો...'' ડાઈનિંગ ટેબલ પર ચા-નાસ્તા સાથે આવા સવાલો અને ફરિયાદો શરૂ થયા. મંદાબેનને ઊભાં થતાં જોઈ શિવાની બોલી, ''મમ્મી ક્યાં જાય છે ? બેસને થોડીવાર.'' મંદાબેન ડાઈનિંગ ટેબલ પર પડેલી ખાલી પ્લેટો લેતાં બોલ્યાં, ''ના, ના હો... મારે રસોડાંમાં ઘણું કામ છે, આજે તારી ભાવતી બધી રસોઈ બનાવી છે.

''અરે મમ્મી હું હજી પંદર દિવસ રોકાવાની છું અહિયાં તારી સાથે... બધું આજે જ બનાવીને ખવડાવી દઈશ કે શું ?''

''હુંયે એ જ કહું છું કે હજી પંદર દિવસ છે તે પછી નિરાંતે વાતો કરીશું.'' કહેતાં મંદાબહેન રસોડાં તરફ ચાલ્યાં.

''આ મમ્મી પણ ને હજીયે એવી ને એવી જ છે...''

''અરે જવાદે તારી માને તું અહિયા આવ બેસ મારી પાસે આપણે બે નિરાંતે વાતો કરીએ, એમેય છ મહિનાની વાતો ભેગી થઈ છે.'' કહેતાં દાદીએ શિવાનીનો હાથ પકડી પાસે બેસાડી અને પછી તો બેયની વાતોની એક્સપ્રેસ ગાડી ચાલી પડી...

''અરે, સારિકા તું અત્યારે ?'' સારિકા ફોઈને દરવાજે જોતાં દાદા સરપ્રાઈઝ થઈ છાપું મૂકી ઊભા થઈ કહેવા લાગ્યા.

''સારિકા બેટા, આવ આવ.'' દાદી પણ તેમની તરફ જોતાં બોલ્યા.

''શું વાત છે આજે તો બંને દીકરીઓ ઘરે આવી છે મારી, ખૂબ ગમી તારી સરપ્રાઈઝ !'' કહીને દાદાએ સારિકા ફોઈના માથે હાથ મૂક્યો.

''અરે, પપ્પા આ બધો પ્લાન આપણી શીવુનો છે એને મને બેંગ્લોરથી જ ફોન કરીને કહી દીધેલું.''

''હા અને ફોઈએ પહેલાં 'ના' પણ પાડેલી પણ પછી મેં એમને મનાવી લીધાં.'' કહી શિવાની ફોઈને વળગી પડી.

''અરે ગાંડી બાપના ઘરના દરવાજા તો દીકરી માટે હંમેશાં ખુલ્લા જ હોય... ઘરે આવવા ક્યારેય ના કહેવાની જ ન હોય.'' દાદીએ એમને પાસે બેસાડતાં કહ્યું.

''એ જ તો દાદી, તમે જ કહો હવે પાછી હું બેંગ્લોરથી ક્યારે પાછી આવાની. અને ક્યારે તમને બધાંને મળી શકત ? એટલે મેં ફોઈને થોડા દિવસ અહિયાં જ રહેવા બોલાવી લીધાં.''

''ખૂબ સારું કર્યું તે.'' કહેતાં દાદાએ ફરી હાથમાં છાપું લીધું.

''ફોઈ તમે બેસો હું પાણી લાવું.'' કહેતી શિવાની રસોડાં તરફ દોરાઈ ગઈ.

ફ્રિજમાંથી પાણીની બોટલ લેતાંમાં ને કહ્યું ''મમ્મી સારિકા ફોઈ આવ્યા છે, મારી સાથે રહેવા.''

શિવાનીએ બધાંને પાણી પીવડાવ્યું અને પાછા બધાં વાતોએ વળગ્યાં. શિવાનીના ઘરે આવ્યાનો ઉત્સાહ સારિકા ફોઈના આવવાથી દાદા-દાદીના ચહેરા પર બમણો થયેલો દેખાઈ રહેલો. લગભગ અડધો કલાક પસાર થઈ ગયેલો પણ મા હજી કેમ સારિકા ફોઈને મળવા બહાર ન આવી, કંઈ થયું તો નહીં હોય ને શિવાની વિચારતી ઊભી થઈ ફરી

રસોડાંમાં ચાલી. મા લોટ બાંધી રહી હતી.

''મમ્મી, ફોઈ ક્યારના આવીને બેઠા છે તું આવી નહીં એમને મળવા ?''

''અરે તે ગામમાં જ છે તે હાલતાં ને ચાલતાં દોડ્યાં આવે છે એમના આવવાની વળી ક્યાં નવાઈ છે ?'' મમ્મીનો આવો ઉદ્ધતાઈવાળો જવાબ સાંભળી શિવાનીને જરા આંચકો લાગ્યો...એ ડઘાઈ ગયેલા ચેહરે રસોડાંની બહાર નીકળી પણ બારશાખે સહેજ રોકાઈ સારિકા ફોઈ દરવાજાની આડે ઊભાં રહી સાંભળી રહેલ... કદાચ અંદર જતાં હતાં મમ્મીને મળવા પણ આવું સાંભળી પગ ત્યાં જ રોકાઈ ગયા હશે એવું શિવાનીને લાગ્યું બંનેની આંખો એક થઈ... અને બન્નેએ સ્મિતની આપ લે કરી.

જાણે અપમાનનું એક બિંદુ ગળે ઉતારી જઈ એ ભારે હૃદયે સહેજ મલકાયાં અને મમ્મી તરફ ગયાં. ''ભાભી કેમ છો ? બહુ કામમાં લાગો છો... લાવો ચાલો હું આવી ગઈ છું હવે તમને મદદ કરાવું...''

શિવાની દરવાજેથી જોઈ રહેલી. મમ્મીએ ઊંચું જોયા વિનાજ જવાબ આપ્યો...'' આ લોકો ટાણું-કટાણું જોયા વિના વારંવાર હાલ્યા જ આવે છે તે વસ્તારી ઘરમાં મજામાં ક્યાંથી હોય... ?'' ફોઈના ચહેરાનો રંગ ઊડી ગયો, ''અરે, લાવોને હું મદદ કરાવું આજે તમે થોડો આરામ કરો.'' ફોઈએ ચહેરા પર સ્વસ્થતા જાળવવાનો પ્રયાસ કરતાં ફરી કહ્યું, ''ના રે ના આજે ક્યાં વળી કંઈ નવાઈનું છે આ તો રોજનું થયું તમ તમારે બાપને ઘેર આવ્યાં છો તે આરામ કરો, મારા નસીબ ક્યાં તમારા જેવા છે કે રોજ ચાલતાં પડીએ પિયર ને ભાભીઓ પાસે સેવા કરાવીએ.'' માંડ કોરી રાખેલી આંખો પાંપણોના કિનારા સુધી ભીંજાઈ ગઈ. કદાચ હવે એ વધુ કંઈ બોલી શકે એમ નહોતાં એ નીચે નજરે રસોડાંની બહાર નીકળી ગયા..

જમતી વેળાએ પણ મમ્મીએ ફોઈને પીરસતી વખતે ખાસ આગ્રહ ન કર્યો. પરિસ્થિતિનો તાગ પામી ગયા હોય એમ સૌ મૂંગા મોઢે શાંતિથી બપોરનું ભોજન લીધું. અને વાતાવરણને હળવું કરવા પ્રયત્ન કરતાં ફોઈએ વાત શરૂ કરી, ''મમ્મી, નાનકાના શું સમાચાર છે એ મજામાં ?'' અને ટેબલ પરથી વસ્તુ લેતી વખતે પણ મમ્મી બોલવા લાગી, ''મજામાં જ હોયને, દિયર-દેરાણી કેવા લેહરથી રહે છે કેનેડામાં, છે એમને કોઈ ચિંતા... ? આ વારંવાર બધાં આવી જાય છે તે મારાથી હવે કોઈની વેઠ નથી થતી, બધાંનું મારે જ કરવાનું, મને નથી પરવડતું હવે...'' ફોઈ ચૂપચાપ નીચું જોઈ ગયેલાં... શિવાનીને આ બધું જ મનમાં ખટકી રહેલું એણે જેમ તેમ કરી બપોર પસાર કરી. સાંજે ચા માટે બધાં પાછા ડાઈનિંગ ટેબલ પર ગોઠવાયાં અને ફોઈને રૂમમાંથી પોતાનો થેલો લઈને બહાર આવેલાં જોઈ અમે બધાંય ઊભાં થઈ ગયાં.

''ફોઈ, થેલો કેમ લીધો ?'' મેં આશ્ચર્યથી એમની સામે જોઈ પૂછ્યું.

''હું ઘરે જઈ રહી છું.''

''અરે પણ તમે તો બે ત્રણ દિવસ રોકાવાના હતાંને મારી સાથે, આમ અચાનક જવાની શું જરૂર છે ?''

''બેટા ઘણાં વર્ષો રોકાઈ, હવે કેટલું રોકાવાનું ?'' એ મંદ સ્વરે આટલું જ કહી શક્યાં.

''અરે ! ના, ફોઈ હજી તો આપણે શાંતિથી વાતો પણ નથી કરી અને તમે આમ...''. શિવાનીને વચ્ચે અટકાવતાં દાદીએ કહ્યું, ''બેટા શીવું જવા દે એને, સારિકાને રોકીશ નહીં.'' દાદીના ગળામાં બાજેલા ડૂમાને એમના અવાજમાં કળી શકાતું હતું.

રોકી રાખેલું આંસુ ફોઈની આંખોમાંથી જગ્યા કરી વહી નીકળ્યું. માત્ર ''આવજો'' કહી ફોઈ ઘરની બહાર નીકળી ગયાં. દાદી આંખો લૂછતાં પોતાનાં રૂમમાં ચાલ્યા ગયાં. શિવાનીના મનમાં દુઃખની આંધી ઊમટી પડી, સવારે ઘરે આવ્યાનો ઉત્સાહ સાંજ થતાં સુધીમાં સાવ ખરી પડેલો એ સારીકા ફોઈને ભીની આંખે ઘર છોડી જતાં જોઈ જ રહી...

શિવાનીને ક્યાંય કળ નહોતી વળતી, આજે મનને ક્યાંય ચેન નહોતું પડતું. સાંજનું ડીનર પણ એણે મૂંગા મોઢે નામ પૂરતું જ લીધું. ભાઈ સાથે પણ કોઈ મસ્તી ના કરી અને પોતાના રૂમમાં પુરાઈ ગઈ. એને આખી રાત સારિકા ફોઈના જ વિચારો આવતા રહ્યા.. અને સાથે સાથે પોતે બનાવેલા સરપ્રાઈઝ પ્લાન માટે પણ અફસોસ થવા લાગ્યો કે જો મેં એમને બોલાવ્યાં જ ન હોત તો કદાચ ફોઈ આટલા દુઃખી ન થયા હોત... મમ્મીના વર્તન માટે એને પારાવાર દુઃખ થઈ રહેલું કે મમ્મીએ ફોઈ સાથે આવું શું કામ કર્યું ? દાદીનો દુઃખી ચહેરો એને અંદર અંદર ખૂબ પીડિત કરી રહેલો એ વિચારતી રહી... કે દીકરો ઘરડો થાય તોયે ઘરે પાછા આવતાં ક્યારેય વિચારતો હશે ? કે ઘરે જાઉં કે ના જાઉં ? તો દીકરી પરણીને જાય પછી એને મા-બાપના ઘરે આવવા આટલું વિચારવાનું ? જેમ દીકરો મોટો થાય એમ દીકરી પણ તો ૨૨થી ૨૫ વર્ષ એ ઘરમાં રહી મોટી થાય છે તો લગ્ન બાદ એના હક શું કામ ફરી જાય છે ? શા માટે એ એનું ઘર નથી રહેતું ? જ્યાં એની બાળપણની મીઠી યાદો સચવાયેલી હોય એવા ઘરે એ એની ઈચ્છા મુજબ ન આવી શકે ? એને મન હોય એટલા દિવસ ન રહી શકે ? લગ્ન બાદ અમૂક ઉંમરે ઘરે આવતી દીકરી શું માત્ર એક બોજ બની રહે છે ? એ કેમ ભૂલી જવામાં આવે કે એ પણ તો આ ઘરનું એક સંતાન છે... સારિકા ફોઈની વિદાયે શિવાનીના મનમાં કેટલાયે સવાલોને જન્મ આપેલો, વારંવાર આંખ સામે તરવરી ઊઠતો ફોઈનો આંસુવાળો ચહેરો એના નખશીખ રૂવાંડા ઊભાં કરી દેતો...

એણે ફરી ઘડિયાળમાં જોયું ૬ વાગી ચૂકેલા, એ બેડ પરથી ઊઠી બારીમાં ઊભી રહી. ના જાણે મનમાં શું સૂઝયું કે ફ્રેશ થઈ એ રસોડાંમાં પહોંચી. થોડીવારે વાસણો ખખડવાનો આવાજ સંભળાતાં મંદાબહેન રસોડાં તરફ દોડી આવ્યાં પણ અંદરનું દ્રશ્ય જોતાં જ એમના પગ ઉંબરે અટકી ગયા. કપાળ પર આશ્ચર્યની ત્રણ રેખાઓ દોરાઈ ગઈ... નવ વાગ્યા પહેલાં ન ઊઠતી અને રસોડામાં ભાગ્યે જ પગ મૂકતી શિવાની આજે

સવારના પહોરમાં ચા-નાસ્તો બનાવી રહેલી.

''અરે શીવું આ શું ? આટલાં વહેલાં ઊઠવાની શું જરૂર હતી અને આ બધું હું કરું છું ને તું આરામ કર જા.'' શિવાનીના હાથમાં રહેલી સાણસી લેતાં બોલવા લાગ્યાં. ''ના મમ્મી પ્લીઝ મને કરવા દે.'' શિવાની સાણસી પરની પકડ મજબૂત કરતાં બોલી અને બધાંને ચા-નાસ્તો પીરસવા લાગી. એ પછી પણ શિવાનીએ રસોઈમાં ઘણી ખરી મદદ કરી અને ઘરમાં ઝાપટ-ઝૂપટ કરવા લાગી, ઘર વ્યવસ્થિત ગોઠવવા લાગી. ''બેટા, શીવું આં બધું શું કરે છે તું થોડા દિવસ આવી છે તે આરામ કરને.'' મંદાબહેને કહ્યું પણ શિવાનીએ પોતાંનું કામ ચાલુ જ રાખ્યું. મંદાબેનને સમજાતું નહોતું કે આ શું થઈ રહ્યું છે. દાદી પણ શિવાનીના વર્તનમાં આવેલો ફેરફાર જોઈ રહેલાં.

બપોરે જમવાનો સમય થયો ને શિવાની નાહિ-ધોહી તૈયાર થઈ પોતાની બેગ લઈ બહાર આવી. એને જોતાં જ દાદી ઊભાં થઈ ગયાં. ''બેટા, કેમ બેગ કાઢી ? ક્યાં જાય છે ?'' મંદાબહેન પણ પ્રશ્નાર્થ નજરે એને જોઈ રહ્યાં.

''બેંગલોર પાછી જાઉં છું દાદી, ૨ વાગ્યાની ફ્લાઈટ છે, શિવમે મારી ટીકીટ કરાવી દીધી છે.''

''અરે પણ આમ અચાનક ! તું તો પંદર દિવસ રહેવાની હતીને ? ઘરે કંઈ થયું છે ? શિવમ કુમાર તો મજામાં છે ને ?'' મંદાબહેને એકીસામટા સવાલો પૂછી લીધા.

''ના મમ્મી એવું કંઈ થયું નથી હું મારી મરજીથી મારી ઈચ્છાથી પાછી જઈ રહી છું.''

''શું થયું છે તને શીવું, આજે સવારની તું કંઈ બોલતી નથી, કામ કર્યા કરે છે અને અત્યારે પાછી જઈ રહી છે, પૂછું છું તો કંઈ કહેતી પણ નથી... અમારા મન પર શું વીતશે એની તને કોઈ ચિંતા છે ?'' મંદાબહેનની આંખોમાંથી આંસુ નીકળી રહેલાં. એ દબાયેલા અવાજે બોલી રહેલાં શિવાની એમને જોઈ રહેલી. શિવાની એમની પાસે જઈ એમનાં ખભે હાથ મૂક્યો અને ધીરેથી બોલી.

''મમ્મી, તારી ચિંતા છે એટલે જ જઈ રહી છું...'' મંદાબહેનને કંઈ સમજાયું નહીં. એ પ્રશ્નાર્થ ભરી આંખે શિવાની તરફ જોવા લાગ્યાં.

''હા, મમ્મી તારી ચિંતા છે મને એટલે જ જઈ રહી છું, અત્યારથી આદત પાડી રહી છું પિતાના ઘરે ઓછું રોકવાની, હું જાણું છું મા કે તું મને ખૂબ વ્હાલ કરે છે પણ દીકરીના પાનેતરનો છેડો જે દિવસે એક પારકા ખેસ સાથે બંધાય છે ત્યારે એના બાપના ઘરના બધા હક સાથેના છેડા છૂટી જાય છે, ત્યારબાદ દીકરી એક મહેમાન અને થોડી ઉંમર બાદ એક બોજ બનીને રહી જતી હોય છે... મારો ભાઈ પરણશે આપણાં ઘરમાં જ્યારે ભાભી આવશે, હું રહેવા આવીશ પણ એક જ દિવસમાં મારે ઘર છોડીને પોતાના ઘેર ચાલ્યા જવું પડશે જેમ ગઈ કાલે સારિકા ફોઈ ગયાં... રડતા ચહેરે... અને દાદી બધો સમય રડતાં રહ્યાં... મમ્મી આપણે એકબીજાને ખૂબ વહાલ કરીએ છીએ અને આમ એકબીજાને રડતાં નહીં જોઈ શકીએ એટલે હું અત્યારથી જ ઘરની માયા ઓછી કરી રહી છું પોતાના ઘરે જઈ રહી છું. એ વાત સ્વીકારવાની કોશિષ કરું છું હવે મારો આ ઘર પર કોઈ જ અધિકાર નથી...'' મા, દાદી અને દીકરી ત્રણેયની આંખોમાંથી શ્રાવણ વરસવા લાગ્યો મંદાબહેનને દીકરીની વાત અને પોતાની ભૂલ સમજાઈ ગઈ. ત્રણેય એકબીજાને ભેટીને છુટ્ટા મોંઢે રડી પડ્યાં. મંદાબહેનને પોતાનાથી થયેલ ભૂલનો પારાવાર પસ્તાવો થયો. એમને દાદા-દાદીની સામે કરગરી માફી માંગી તેમ જ તરત જ સારિકા ફોઈને ફોન કરી માફી માંગી તેમને ભાવથી આમંત્રણ આપી ફરી ઘરે બોલાવ્યાં... દાદા-દાદીએ શિવાનીને રોકી લીધી અને વહાલથી ચૂમી ભરી ગળે લગાડી... શિવાનીનું ખળભળી રહેલું મન શાંત થયું અને નખશીખ રૂંવાડે રૂંવાડે ઠંડક પ્રસરી. દાદી મમ્મી અને સારિકા ફોઈના ખડખડાટ હસતા ખીલેલા ચહેરા જાણે શિવાનીના મનોમસ્તિષ્કમાં ઘુમરાઈ રહેલા સારિકા ફોઈના ભીની આંખોવાળા ચહેરાની છાપ મિટાવી રહેલા.

''ના બંગલા, ના ગાડી, ના તમારી મિલકતમાં ભાગ લેવા....બસ હું કદીક આવું છું ઘરે, મારા વીતેલા બાળપણની એ યાદ લેવા...

અડધું જીવન મારું મેં પણ વિતાવ્યું છે અહિયાં, હજીયે સતાવે છે મને એ સંભારણાં, મારી ઢીંગલી, હીંચકા આ આંગણાં અને તમે બધા,

જોવો જ્યારે અમને ડેલીએ તમારી... બસ ચાહું હું માત્ર હેત તમારું.

✸✸✸

## અમૃત-કણ

**સત્ય** : જેમ્સ લાવેલે કહ્યું છે : સત્યને હંમેશાં શૂળી ઉપર લટકતું અને અસત્યને હંમેશાં સિંહાસન પ્રાપ્ત કરતું જોવામાં આવે છે.' હું કહું છું કે આ વાત સાચી છે પણ પૂરેપૂરી નહીં, અર્ધી સાચી છે કારણ કે સત્ય શૂળી ઉપર લટકેલું હોવા છતાં પણ સિંહાસન ઉપર હોય છે અને અસત્ય સિંહાસન ઉપર બેઠું હોવા છતાં એ શૂળી ઉપર લટકતું હોય છે.

**અહિંસા** : અહિંસા એવા હૃદયમાં વાસ કરે છે જે સારાયે જગતમાં ઉત્પન્ન થતાં ફૂલોને સમાવી શકે એટલું વિશાળ હોય પણ એક પણ કાંટો સ્થાન પામી શકે એટલી એમાં જગ્યા ન હોય.

**અપરિગ્રહ** : 'હું કોણ છું' એ ન જાણવામાંથી જ પરિગ્રહ પેદા થાય છે. અંદરની સંપત્તિનું જ્ઞાન થતાંની સાથે જ બાહ્ય સંપત્તિ વિપત્તિમાં પરિણમતી હોય છે. જેની પાસે હીરા-મોતી નથી હોતા એ જ કાંકરા વીણવામાં સમય બરબાદ કરી શકતા હોય છે.

**ધર્મ** : શું એ ઉચિત નથી કે તમારો ધર્મ તમારા ધર્મગ્રન્થોમાં અને ધર્મસ્થાનોમાં નહીં પણ તમારામાં જ દેખાયા કરે ? એ પણ કેવળ તમારી વાણીમાં જ પ્રગટ થયા કરે તો એ અસત્ય છે. સત્યનું પ્રમાણ શબ્દ નહીં પણ કેવળ જીવન હોય છે. કાયલરે કહ્યું છે, 'દીપક બોલતો નથી, બળી જાણે છે.' ધર્મ પણ પોતાના જીવનમાં પ્રકાશે છે ત્યારે જ બોલતો થાય છે.

# મૃત્યુના ઉત્સવની વાર્તા...

**ટાઈમ્સ ઓફ ઈન્ડિયા મીડિયા ગ્રુપનાં ચેરપર્સન શ્રીમતી ઈન્દુ જૈનનું તાજેતરમાં નિધન થઈ ગયું. તેમણે વર્ષો પહેલાં 'આર્ટ ઓફ ડાઈંગ' અંગે એક પત્ર લખ્યો હતો અને જણાવ્યું હતું કે તેમનાં મૃત્યુ પર શોક નહીં ઉત્સવ મનાવવાનો રહેશે. આ પત્ર તેમના નિધન પછી જાહેર કરાયો છે. વાંચો તેનું ગુજરાતી રૂપાંતરણ.**

**જન્મ : ૦૮.૦૯.૧૯૩૬ • મૃત્યુ : ૧૩.૦૫.૨૦૨૧**



**પ્રિય આત્મજન,**

**મૃ**ત્યુની કળા જીવનની કળાનો જ વિસ્તાર હોવો જોઈએ. હું નસીબદાર રહી છું કે મને શાંતિપૂર્ણ અને સુવિધાસંપન્ન જીવન પ્રાપ્ત થયું છે. જીવનમાં જે અજાણી ખુશીઓ મળતી રહી, તે મારા માટે સૌથી મોટો પુરસ્કાર રહ્યો છે. મારા જીવનનું દરેક પાસું શાંતિથી ચમકતું ગયું છે. હકીકત એ પણ છે કે સફળતાની દરેક ભાવના અંદર શાંતિ લાવતી ગઈ. માત્ર દુ:ખનો જ અભાવ રહ્યો છે. જો કમી કે નસીબ કે બીજું કંઈ છે, તો પણ ક્યાં ફરક પડે છે.

હા, તમામ નશ્વર પ્રાણીઓની જેમ અસંતોષ અનુભવવાના અનેક પ્રસંગ આવ્યા છે. આવા દરેક પ્રસંગે મેં ખુદને પૂછ્યું કે 'શું ખુદને દુ:ખી થવા દેવાની સજા આપવાની જરૂર છે ?' તેના જવાબે હમેશાં નકારાત્મક વિચારોને ઝડપથી દૂર કર્યા છે. આ કારણે જ મારો વિશ્વાસ છે કે જીવનથી વિદાય પણ ખુશીની ચારેય તરફના ધ્વનિ અને ઉત્સાહ વચ્ચે થશે.

આ તમામ વર્ષોમાં હું હંમેશાં નવા અનુભવો માટે આતુર રહી છું. સાચું કહું તો આ જીવન નીરસ થઈ ગયું છે. હવે એક સાહસિક યાત્રી તરીકે હું અંતિમ સીમાનો અનુભવ કરવા માગું છું. મને વિશ્વાસ છે કે હું જ્યાં અગાઉ ક્યારેય ગઈ નથી એ અજાણ્યું સ્થાન પણ મને નિરાશ નહીં કરે. દરેકે તેના રહસ્યની વાત જણાવી છે, પરંતુ તેની પેલે પાર કોણ જાણે શું હશે, કંઈક નવું હશે ? હું આ જાણવા માટે આતુર રહી છું.

આ બધું કહ્યા પછી હું આરામથી જવા માગું છું. મૃત્યુને જણાવો, અત્યંત સુંદર અને સૌમ્ય અંદાજમાં, થોડી રાહ જુએ, હું મારું ઓશિકું સારી રીતે ગોઠવી લઉં અને ગરમી માટે રજાઈમાં પ્રવેશી જાઉ. હું સંસારિક બાબતો અંગે ચિંતિત નથી. ભૌતિક બંધન ખૂલી ચૂક્યા છે, કેમકે હું અંતિમ મંજિલથી પહેલાં મારા અંતિમ પડાવ તરફ આગળ વધી રહી છું. ના, બનારસ નહીં, આ સંસારિક ચિંતાઓ અને ઘોંઘાટથી દૂર એક શાંત આશ્રમ હશે.

